**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૫૦/–** આજીવન **૫૦૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| આત્મસ્થિતિ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| કહ્યું તે જ કર્યું | મા સર્વેશ્વરી | ૯ |
| સ્વર્ગારોહણમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી | સેવક | ૧૯ |
| પ્રશ્નોત્તરી–ખેચરી મુદ્રા | યોગેશ્વરજી | ૨૧ |
| પ્રેરણાસ્પ્રદ બોધ વચનો | ડૉ. પ્રકાશ ગજ્જર | ૨૭ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૦ |
| સ્વામી રામના પ્રસંગો | શ્રી કુંદનિકા કાપડિયા | ૩૪ |
| પૂ.માશ્રી સર્વેશ્વરી–એક અનાસક્ત સંત | નારાયણ હ. જાની | ૪૦ |
| બંધ બારણે | મા સર્વેશ્વરી | ૪૩ |
| પ.પૂ.શ્રી યોગેશ્વરજીનું સાહિત્ય અને સમાજને પ્રદાન | જ્યોત્સ્ના બી. ત્રિવેદી | ૪૫ |
| An Altogether New Aspect of Maa's life | Nima Bhupendra Bhakta | 50 |
| Lesson from Satkarmas | Pooja | 54 |
| An Uniqne a Spiritual Opportunity | Sureshbhai, LA | 58 |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## સદ્‌ભાવભરી સહાય

વિદેશમાં આવેલી ગુલાબવાડીનાં બાળકો સ્વર્ગારોહણના સત્કર્મમાં જે રીતે પ્રવૃત્ત થયાં છે તે રીતે અધ્યાત્મ માસિકનું પણ તેમને સતત સ્મરણ રહ્યું છે.

આથી આ માસનો અધ્યાત્મના અંકનો પ્રકાશન વગેરે ખર્ચ, તેઓના તરફથી પ્રાપ્ત થયો છે.

સહયોગીઓ :–

શ્રી ગુલાબબહેન,
શ્રી ભુલાભાઈ,
શ્રી મહેન્દ્રભાઈ,
શ્રી કિશોરભાઈ,
શ્રી સુરેશભાઈ.

—મા સર્વેશ્વરી



# આત્મસ્થિતિ

**શ્રી યોગેશ્વરજી**

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુ શ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઈને બુમ પાડી, ‘બુદ્ધ ઊભો રહે.’ ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક પ્રત્યુત્તર પૂરો પાડ્યો કે “હું તો ઊભો છું. તારે ઊભા રહેવાનું છે.”

અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદ્‌ગાર કાઢ્યા, ત્યારે અંગુલિમાલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે તમે અસત્ય ભાષણ કરો છો. બુદ્ધે કહ્યું, ‘બુદ્ધ કદી અસત્ય ભાષણ નથી કરતો. અસત્ય ભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય.’

‘તો પછી તમે તો ચાલો છો તો પણ કહો છો કે હું ઊભો છું. તે કેવી રીતે?’

બુદ્ધ બોલ્યાઃ મારું શરીર ચાલે છે, પરંતુ મન નથી ચાલતું. સ્થિર છે. બોધિપ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવન લહરથી હાલતી દીપશિખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજી વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે. તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે.

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે. અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો અને પરિસ્થિતિઓ એના પર

પોતપોતાના સાનુકૂળ—પ્રતિકૂળ સંમિશ્રિત પ્રભાવો પાડ્યા જ કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં, મમ અને આસક્તિનો દાસ બનીને અવનીમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને, નિર્વિકાર નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યક્તા છે. માનવે બુદ્ધ બનવાનું છે. એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આલોકમાં પદાર્પણ કરવાનું છે. એવાં પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે, વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહીં બને. વિદ્રોહ નહીં કરે, અશાંત નહીં બને, આત્મામાં સ્થિર રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહીં થાય. "જૈસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવતારા પર રહત નિશાની" ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહીં જુએ. એટલે કે પરમાત્માને જ જોશે. કાન સાંભળશે તોપણ નહીં સાંભળે. શરીર, મન, ઇન્દ્રિયો કાર્ય કરશે તોપણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળેપળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનવાની, ઊભા રહેવાની, આવશ્યક્તા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય, એથી અધિક કલ્યાણકારક શું હોય શકે?




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૨ ઓગસ્ટ—૨૦૧૦ અંક ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળ : ૮૯, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત**

**તા. ૦૩/૦૩/૮૨ બુધવાર**

સવારે પૂ.શ્રી નિત્યકર્મથી નિવૃત થઇ શીર્ષાસન કરી લે છે. થોડી મંત્રજપની માળા કરે છે. પછી લેખનકાર્ય માટેની કલમ શરૂ થઇ જાય છે. સાડા અગિયાર વાગ્યે પૂ.શ્રી લેખનકાર્યમાંથી નિવૃત થઇ ભોજન લઇ લે છે. આજે ભોજનમાં ભાત ને દાળ લીધાં. ભોજનબાદ મુલાકાત શરૂ થાય છે. મુલાકાત માટે પૂ.શ્રી આગળના ઓરડામાં આવે છે.

સૌ બહાર બેઠાં છે. તેઓ પૂ.શ્રીને પ્રણામ કરી અંદર બેઠાં છે. આજે સત્કર્મના પૈસાની રકમ ક્યાં કેવી રીતે વપરાય છે તેની વાતો થઇ.

વળી એક ભાઇના પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ દેવગીરી મહારાજ, પુષ્પાનંદ મહારાજ અને મહાત્મા ભગવાનની વાતો કરી.

દેવગીરી મહાત્મા ઉત્તરપ્રદેશમાં રહેતા ૐ કારનો જપ કરતા. અમે દર્શન કરેલાં. તે આત્મજ્ઞાની હતા.

પુષ્પાનંદજી મહારાજ ગુજરાતના છે. અંબાજી તેમનું મોટું સ્થાન છે. તેઓ કેટલાક વરસોથી ફક્ત ચા જ પીએ છે.

મહાત્મા ભગવાન મસૂરીમાં રહેતા. તેમણે ૨૫ વરસો સુધી સ્નાન જ ન કર્યું. શરીરે ઘીનું માલીશ કરતા. સખત ઠંડીમાં પણ બંડી ન પહેરે. કોઇના ઘરમાં ન રહે. ઓટલા ઉપર રાત રહે. પાણીનો નળ જાતે ન ખોલે અને મીઠાઇ જ માણસનો ખોરાક છે એમ માનતા. તેઓ અમારા ઉપર પ્રેમ રાખતા. મસૂરીમાં સૌને કહેતા જાઓ ગાંધી–નિવાસમાં યોગેશ્વરજીને સાંભળો.

તપસ્વી હોય. ભોજન ઓછું હોય તેને શયન, નિદ્રા ઉપર પણ કાબૂ આવી જાય છે.

પ્રશ્નઃ– ગાયત્રીમંત્રમાં ત્રણ ૐ કાર બોલવાના?

પૂ.શ્રીઃ– શાસ્ત્રીય રીતે એ મંત્રમાં ત્રણ ૐ કારનું વિધાન છે.

પ્રશ્નઃ– ગાયત્રીમંત્ર કોઇ ગુરુ દ્વારા મળે તો જ જપી શકાય?

પૂ.શ્રીઃ– ગુરુ કરવા જ જોઇએ એવો નિયમ નથી. આપણે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ત્રણેને જનોઇ અપાતી. જનોઇ અપાય ત્યારે જ પુરોહિત તેને ગાયત્રીમંત્ર કાનમાં કહેતા. તો જનોઇની સાથે જ ગુરુ કે પુરોહિત દ્વારા તમને ગાયત્રીમંત્ર મળી જ જતો.

પણ ગુરુ ન મળે ત્યાં સુધી જે મંત્રમાં શ્રદ્ધા હોય તે મંત્રનો જપ શરૂ કરી જ દેવાનો. એમાં રાહ ન જોવાની.

એમ કહી પૂ.શ્રીએ યજ્ઞોપવિતનું મહત્ત્વ સમજાવ્યું.

આજે સર્વેશ્વરીએ ઇંગ્લેન્ડની યાત્રાના પ્રથમ દિવસની વિગતવાર નોંધ વાંચી સંભળાવી. આજે મુલાકાતનો સમય નોંધવાચનથી થોડો લંબાયો. પરિણામે ૧–૪૦ મિનિટે સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પ્રસાદ વિતરણ થયું.



પૂ.શ્રીએ થોડી અગત્યની વાતો શ્રી ભટ્ટસાહેબ સાથે કરી. થોડો આરામ કર્યો.

સાંજે પ્રવચન સ્થળે સમયસર જવાનું બન્યું. આજે પ્રવચન બાદ ઝાંબિયાના લુશાકા શહેરમાંથી આવેલા બે ભાઇબહેનો મળ્યા. પૂ.શ્રી માટે તેઓ ધોતીયું, શાલ અને સર્વેશ્વરી માટે સાડી વગેરે લાવ્યા હતા. વળી તાંબાની પ્લેટ ઉપર પૂ.શ્રીનો ફોટો પણ લાવ્યા હતા, પૂ.શ્રીએ એ પૈકી ફોટાઓ દીવો(તાંબાનો) વગેરે તેમનો આગ્રહ હોવાથી લીધાં.

ઉતારા ઉપર સમયસર આવી ગયા. પૂ.શ્રીએ દરરોજની જેમ ગરમપાણીનો શેક કર્યો. પછી બટાકાપૌંઆનો હળવો નાસ્તો ને દૂધ લીધું. પછી આરામ કર્યો.

સર્વેશ્વરી છેક ૧૧ વાગ્યે કામકાજમાંથી મુક્ત થાય છે. ઉતારા ઉપર પાણીની મોટર રાતે જ વીજળી આવતાં ચાલુ કરવી પડે છે. જેથી પાણી ભરાય ત્યાં સુધીમાં સર્વેશ્વરી ડાયરીની નોંધ કરી લે છે.

આજે સુરતના પ્રવચનનો ચોથો દિવસ પૂરો પણ થઇ ગયો. તા. ૨૮, ૧, ૨, ૩ પૂરી પણ થઇ ગઇ!

પૂ.શ્રી સુરત જ્યારે આવે છે ત્યારે છેલ્લા ત્રણ વરસથી કપૂરા આવવાનું આમંત્રણ પણ સ્વીકારે છે, આ વખતે પૂ.શ્રીની તબિયત ફીશરની તકલીફને લીધે અસ્વસ્થ રહે છે એટલે કપૂરા કદાચ જ જાય એવું લાગે છે. પછી તો જેવી પરમશક્તિ જગદંબાની જેવી ઇચ્છા. જગદંબાની ઇચ્છા સામે પૂ.શ્રી પોતાની ઇચ્છાને ગૌણ ગણીને પ્રભુની ઇચ્છાને જ શિરોમાન્ય ગણે છે. એટલે કોઇપણ નાના મોટા કામ અંગે પૂ.શ્રીની કોઇ સ્વતંત્ર ઇચ્છા જ ન મળે એ એક અનોખું સમર્પણનું વંદનીય પાસું જોવા મળે છે.

(ક્રમશઃ)

# કહ્યું તે જ કર્યું

મા સર્વેશ્વરી

(પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીએ તા.૧૮–૦૩–૮૪ના રોજ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરી, લીલા સંવરણ કર્યું. ઘણાંને લાગ્યું કે પૂ.શ્રી કોઇને પણ કહ્યા સિવાય આમ એકાએક કેમ વિદાય થઇ ગયા? પરંતુ આપણને લાગતી આ અણધારી વિદાય વિશે પૂ. શ્રી એ પોતે ઘણાં સૂચક ઉદ્ગારો કાઢેલા. તેનો મર્મ તે વખતે સમજાયેલો નહીં. પરંતુ પૂ.માશ્રી સર્વેશ્વરીના આ લેખ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે પૂ.શ્રી પોતાના લીલા સંવરણના દિન વિષે સંપૂર્ણ જાણકાર હતા. છતાં એ 'અતિજ્ઞાનને' એ મહાપુરુષે કેવા અજબ ધૈર્ય સાથે જીરવ્યું ને જીવનના છેલ્લા શ્વાસ સુધી લોકસંગ્રહનું કામ કરતા રહ્યા, એ ઘટના જ તેની મહાનતાની ઘોતક છે.

પોતાની રોજની નોંધોના આધારે પ.પૂ.માશ્રી સર્વેશ્વરીએ સાતસો કરતાં વધુ ઉપવાસો થયા છતાં ખાસ પરિશ્રમ લઇ, પૂ.શ્રીની બીજી પુણ્યતિથિ નિમિત્તે આ લેખ તૈયાર કરી આપ્યો તે બદલ અમે તેમના ઋણી છીએ. પૂ.શ્રીના સતત સાન્નિધ્યના પરિણામે પૂ.મા આપણને આ માહિતી આપી શક્યાં છે, જે એક દસ્તાવેજી પૂરાવા સમાન છે.

–તંત્રી)

પૂ.શ્રી યોગેશ્વરજીની હૃદયરોગની માંદગી નિમિત્તે અમારો પ્રવેશ એ જીવનમાં નિશ્ચિત બન્યો.



સાથે રહેવાનું સદ્ભાગ્ય મળ્યું. તદ્દન નજીકથી આત્મદર્શી મહાપુરુષના જીવનનું દર્શન કર્યું. મન, કર્મ, વચનથી એ પવિત્ર પૂર્ણ પ્રતિભાસંપન્ન મહાપુરુષનું છત્ર પૂર્વના પુણ્યે જ સાંપડ્યું એ હકીકત સ્વીકારવી જ પડે.

ફરીથી પૂ.શ્રીને માંદગી આવે તો કોને સેવાનું સદ્ભાગ્ય મળશે એવી વાત એકવાર નીકળતાં પૂ.શ્રીએ કહ્યું: 'કોઇની પણ સેવા શા માટે લેવી પડે!' સેવા લીધા વિનાજ વિદાય ના થઇએ? વળી સૌને કહીને જઇશું 'જુઓ અમે ચાલ્યાં.'

પ્રવચનોમાં ઘણીવાર પ્રસંગોપાત પૂ.શ્રી કહ્યાં કરતા કે બધા જ રજા માંગે ને રવિવારની રજા પણ માણે. પરંતુ અમારે તો રવિવારની પણ રજા નહીં. પ્રાર્થના, સત્સંગ, લેખન, પ્રવચન બધું જ નિયમિત કર્યા જ કરીએ છીએ.

પૂ.શ્રીનાં માતાજી પૃથ્વી પરથી વિદાય લે તે પહેલાં એક વર્ષથી પૂ.શ્રી એ વાત જાણતા હતા. અમારી ઝામ્બીયાની ડાયરીમાં તે ભવિષ્યદર્શન પૂ.શ્રીએ લખ્યું પણ હતું. જે બીજાના ભવિષ્યને પરમ શક્તિની કૃપાથી જાણી શકે તે શું પોતાના ભવિષ્યથી અજાણ હશે? ના, પૂ.શ્રીને સંપૂર્ણ ખ્યાલ હતો તેથી જ અવારનવાર વાતોમાં કહેતા તમે અમારે માટે આટલો ત્યાગ કર્યો તો હવે તમારે કોઇ પણ પ્રકારનું કષ્ટ ના વેઠવું. તમને જરાપણ દુઃખ ના પડવું જોઇએ. ઘણા ગુરુઓ શિષ્યોનું ધ્યાન નથી રાખતા, તેવો હું નથી. મારે ભરોસે આવનારને હું સર્વ પ્રકારે ધ્યાન રાખવા પ્રયત્ન કરું જ છું.

અને એ મન, કર્મ, વચને સત્યનિષ્ઠ મહાપુરુષે અમારી ૧૯૮૨ની ભયંકર માંદગી પ્રસંગે મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો કે એક નાનકડું સ્વતંત્ર નિવાસ સ્થાન જરૂરી છે જેથી આપણા

બન્નેમાંથી કોઇની પણ તબિયત બગડી તો કામ આવે. ભક્તોનો ભાવ હોય ન હોય તો તે વખતે પણ આપણું સ્વતંત્ર નાનું સ્થાન હોય તો સારું.

અને પરમશક્તિની આજ્ઞા—ઇચ્છા મુજબ પૂ.શ્રીએ ૧૯૮૩ માર્ચમાં અમદાવાદમાં જ સ્થાન અંગેની ઇચ્છા જાહેર કરી. શ્રી બાબુભાઇએ એ સ્થાન બતાવ્યું ને ૧૯૮૩ના ઓગસ્ટમાં તો ‘સત્યપથ’ નામના સકલ એપાર્ટમેન્ટના નાનકડાં સ્થાનમાં પૂ.શ્રીએ પોતાનો સ્વતંત્ર નિવાસ શરુ કરી દીધો. સત્યપથની માલિકી પણ ટ્રસ્ટની નહીં, પોતાની તથા સર્વેશ્વરીની જ રાખી.

અને સત્યપથમાં રહેવા આવ્યા ત્યારપછીના થોડા જ દિવસોમાં પૂ.શ્રીએ અમને સૂચના આપી. આ સત્યપથ કોઇ દિવસ કોઇને પણ ભાડે ના આપવું. એને ટ્રસ્ટમાં પણ ના આપવું. આ તો આપણા બે માટે રહેવાનું સ્વતંત્ર સ્થાન છે. તો તે સ્થાન સ્મૃતિ તરીકે જ રાખવું.

સત્યપથમાં આવી વિદેશયાત્રાની તસ્વીરોનાં આલબમ્બ અમે રાત્રે જાગીને પણ બનાવ્યાં. પૂ.શ્રી તે ખૂબ રસપૂર્વક જોતા ને પ્રશંસા કરતાં વિવિધ તસ્વીરોની નોંધ જોઇ પૂ.શ્રીએ સૂચના આપી કે આપણી વિદેશયાત્રાની મુખ્ય મુખ્ય તસ્વીરો આ બધી ભીંત ઉપર લગાડી દો ને નીચે સ્થળ, તારીખની નોંધ પણ મૂકો. અમે દલીલ કરતાં કહ્યું ‘મહાત્માજી, આ સત્યપથ તો પ્રદર્શનનો હોલ જાણે થઇ જાય.’ પૂ.શ્રીએ તરત જ કહ્યું ‘સત્યપથ સ્મૃતિ તરીકે રહે ત્યારે દર્શનાર્થીઓને પૂછવું જ ના પડે. વાંચી લે.’

મુખ્યખંડમાં સરસ્વતીદેવી, ભગવાન શ્રીકૃષ્ણની, બુદ્ધની તસ્વીર નીચે પૂ.શ્રીએ શું લખવું તેની સૂચના આપતાં કહેલું કે સરસ્વતી દર્શન સ્વપ્નમાં થયેલું વગેરે.



પૂ.શ્રી જેવા ત્યાગી મહાપુરુષની ભૌતિક સંપત્તિમાં એમની હસ્તપત્રની પેટી તથા હિમાલય જતા ત્યારની પેટી વિ. તે પણ મણીનગરથી લાવીને પોતાના આ સત્યપથના નિવાસમાં ગોઠવી દેતાં કહ્યું ‘આ પેટી ઉપર લખવું કે યોગેશ્વરજી હિમાલય જતા ત્યારે આ પેટી લઇ જતા’ વિ. વળી એ પેટીમાંથી ત્રણ કફની નીકળી. પૂ.શ્રીએ રમૂજ કરતાં કહેલું કે તમે મને આ વેશમાં નથી જોયો ખરું? અમે કહ્યુંઃ જોયા છે, આપે અમને ૧૯૭૯ની દિવાળીમાં મૂળ સર્વેશ્વરી તીર્થમાં એ વેશ પહેરીને બતાવેલો એટલું જ નહીં, પણ આપ કીર્તન કેવી રીતે કરતાં તે પણ આપે બતાવેલું. પરંતુ હવે આ કફની નરેન્દ્રભાઇ, બાબુભાઇ, કાંતિભાઇને પ્રસાદમાં આપી દઇએ તો? પૂ.શ્રીએ સાફ ના પાડતા જણાવ્યું, “ના, ના. આ તો સત્યપથ, અંબાજી ને વડોદરામાં સ્મૃતિ તરીકે મૂકવાની છે.”

સત્યપથ પર પરોક્ષ રીતે અમને સત્સંગની તાલીમ પણ આપી. સત્યપથના દરરોજના સત્સંગમાં અમારી નોંધપોથીનું વાચન, ભજન, ધૂન ને પૂ.શ્રીની જ પ્રવચનની કેસેટ પૂ.શ્રી જ જાતે વગાડવાનું કહેતા અને જાણે એ તાલીમ પણ એમણે આપી દીધી.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટમાં પરમ પૂજ્ય માતાજી જ્યોર્તિમયીની વિદાય પછી પૂ.શ્રીએ અમારી ના છતાં, અમને ટ્રસ્ટી તરીકે નીમ્યાં ને વળી વિશ્રામગૃહની જમીન જોવાની હોય, વિશ્રામગૃહના પ્લાનની ચર્ચા કરવાની હોય કે કોઇ દાન સ્વીકરવાની વાત હોય બધામાં જ અમારો સમજપૂર્વકનો અભિપ્રાય માંગી બધી જ બાબતોમાં ખાસ રસ લેવડાવતા. પાસે બેસાડીને બધું જ સમજાવતા.

સત્યપથનો નિવાસ પૂ.શ્રીને ખૂબ પ્રસન્નતા આપતો હતો. વારંવાર એની અભિવ્યક્તિ કરતાં કહેલું કે જીવનમાં ઘણું તપ્યા, ઘણું ફર્યા, ઘણાં પ્રવચનો કર્યાં, હવે તો પ્રવચનો કર્યા વિના શાંતિથી અહીં જ રહેવું છે. વરસમાં મુખ્ય મુખ્ય સેન્ટરોમાં જવાની ઇચ્છા થશે તો જોઇશું, નહીં તો અહીં જ શાંતિથી રહેવું છે. કેટલી બધી પવિત્ર ને શાંતિવાળી જગ્યા લાગે છે!

અરે! છેલ્લે મુંબઇમાં તા.૧૭ માર્ચની સાંજે ફરવા જતાં શ્રી જે. વી. શાહને પણ એ જ વાત કરી કે હવે તો પ્રવચનો નથી કરવાં. સત્યપથ, વડોદરા ને અંબાજી થોડું થોડું બધે શાંતિથી રહીશું.

પૂ.શ્રીની ગુજરાતની બહાર અંતિમ પ્રવચન યાત્રા રાજસ્થાનની હતી. જાન્યુઆરીમાં જોધપુરમાં બપોરની બેઠક ગીતાભવનની અગાસીમાં તડકામાં થતી પૂ.શ્રી માટે અમે સૂર્યની સામે ખુરશી ગોઠવી. પૂ.શ્રી બેઠકમાં પધાર્યા કે કોઇપણ જાતની વાતચીત વિના બેઠા ને તરત જ ઊભા થઇને ખુરશી સૂર્ય પીઠ તરફ આવે એ રીતે ગોઠવતાં બોલ્યા—

'લો, સંસાર તરફથી પીઠ ફેરવી લઉં છું.'

જયપૂરમાં એક સાંજે પૂ.શ્રીએ વાત નીકળતાં સ્પષ્ટ કહ્યું પોતાના શરીર તરફ ખાસ આંગળી ચીંધીને આ ઘર પણ બદલવાનું જ છે ને?

એ જ રીતે મુંબઇનાં પ્રવચનો દરમ્યાન વિદેશયાત્રાની તૈયારી શરૂ થઇ ત્યારે પણ પૂ.શ્રીએ વારંવાર કહ્યું અમારી આ વખતે પરદેશ જવાની જરા ઇચ્છા નથી પણ જગદંબાની ઇચ્છા છે એટલે પરદેશ જવું પડશે. પૂ.શ્રી પર શબ્દ ઉપર ખાસ ભાર



દઇને કહેતા. સામાન્ય રીતે પૂ.શ્રી વિદેશયાત્રા શબ્દ જ વાતોમાં ઉપયોગ કરે પણ આ વખતે તેઓ વારંવાર પરદેશ શબ્દનો જ ભાર દઇને ઉપયોગ કરતાં અને એથી જ એમણે ત્રણમાસ પહેલાં જ પોતાનું વસીયતનામું પણ તૈયાર કર્યું હતું.

સત્યપથના નિવાસ દરમિયાન એક દિવસ જન્મભૂમિ પંચાંગ શ્રી અમીતકુમાર પાસે ખાસ મંગાવ્યું ને સાડા ચાર વર્ષમાં પૂ.શ્રીના સાન્નિધ્યે રહ્યાં પછી પ્રથમવાર પૂ.શ્રીને પંચાંગ જોતા જોયા. અને વળી એથી વધુ આશ્ચર્ય તો એ હતું કે પંચાંગમાંથી ૧૯૮૪ના જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચની તારીખ સાથે તિથિ સાથે પોતાના હાથે પોતાના એક કાગળ ઉપર ઉતાર્યું ને ફાગણ સુદ પૂનમ સુધીની નોંધ ઉતારી. પૂ.શ્રીના બધાજ કાર્યક્રમો પરમશક્તિની ઇચ્છા મુજબ યોજાય જેથી કોઇવાર પંચાંગની જરૂર પૂ.શ્રીને રહેતી ન હતી.

સત્યપથથી વિદાય લઇ વડોદરા જઇ મુંબઇ જવા પ્રસ્થાન કર્યું ત્યારે શ્રી જીતુભાઇના યુવાન પુત્રે માળ ઉપર પૂ.શ્રીને પ્રણામ કર્યાં ત્યારે ક્યારેય નહીં એવું વર્તન પૂ.શ્રીએ કરતાં ભરતના ખભા ઉપર હાથ મૂકી આંગળી ચીંધી કહ્યું, "જો આ સામે સ્થાન થશે ને તે તમારે જ કરવાનું છે. જો કે સ્મૃતિના સ્થાનમાં કયી મૂર્તિઓ મૂકવી તે લેખીત તો હતું જ."

બ્રહ્માનંદ ભજન માળામાંથી પૂ.શ્રી અમને રોજ સાંજે પ્રવચનમાં જતા પહેલાં રૂમમાં આટા મારતા મારતા અનુવાદ લખાવતા. ૧૫ કે ૧૬ તારીખે પૂ.શ્રીએ બ્રહ્માનંદ ભજન માળાના ભજનના ક્રમને બદલી છેક મધ્યમાં 'અમે તો રમતા જોગી રામ, અમારે દુનિયાથી શું કામ' એ ભજનનો જ અનુવાદ અમારી પાસે લખાવ્યો.

મુંબઈના પૂ.શ્રીના જયભવાનીના ઉતારામાં પણ પૂ.શ્રી નિયમિત લેખન કરતા તે દરમ્યાન હેંગીંગગાર્ડન નજીક હોવાથી અમે એકલાં દરરોજ મૌન રાખી જપ માટે ત્યાં જતાં. ત્યાં લીલાં નાળિયેર વેચાતાં હતાં. પૂ.શ્રીને વાત કરી. પૂ.શ્રીએ કહ્યું તમારું શરીર ખૂબ નબળું છે જેથી તમારે રોજ નાળિયેરનું પાણી લેવું ને રોજ પૂ.શ્રી અમને 'પૈસા લીધા' એવું જતી વખતે યાદ કરાવે. એકવાર અમે કહ્યું, ''ના, અમે આજે પૈસા નથી લીધા. 'કેમ?' ''અમને એકલા ત્યાં પીવાનું ગમતું નથી. તમે તો તે લેતા નથી.'' પૂ.શ્રીએ તરત જ કહ્યું, જુઓ, આવતીકાલથી તમે મારું સ્મરણ કરીને મનોમન અમને અર્પણ કરીને તમારે જે પીવું હોય તે પીજો ને ખાવું હોય તે ખાજો.''

આ વાત તા.૧૭–૦૩–૮૪ની સવારે થઇ. અને બપોરની બેઠકમાં એક ભાવિકબહેન તડબૂચ લાવી ને પૂ.શ્રીને અર્પણ કરતાં કહેવા લાગ્યાં, 'મહાત્માજી, આજે અમે અમારા ગુરુદેવબાબાને કહીને આવ્યાં છીએ કે અમારા મહાત્માજીના શરીરની ગરમી આ તડબૂચના રસથી મટાડી દેજો.'

પૂ.શ્રીએ એ સાંભળી તરત જ કહ્યું, 'અરે! હજારો બાબાઓને જે પરમશક્તિ એક ક્ષણમાં સર્જન કરે ને પળમાં તો વિસર્જન કરે, તે પરમશક્તિ ઇચ્છશે તો જ ગરમી મટશે.'

માધવબાગના પ્રવચનમાં પૂ.શ્રીએ ભાર દઈને જણાવેલું કે છેલ્લા શ્વાસ સુધી પ્રભુએ આપેલા કર્તવ્યનું પાલન કરીને મીરાંબાઈની જેમ પ્રભુમાં સમર્પિત થઇ જઇએ. છેલ્લા પ્રવચનમાં કબીર સાહેબનું પ્રસિદ્ધ પદ 'કરલે શૃંગાર ચતુર અલબેલી' ગવડાવીને સમજાવેલું.

હવે તા.૧૮ માર્ચે જયભવાનીમાંથી બપોરે વિદાય લીધી



ત્યારે યજમાન શ્રીકુમુદબહેન એક બાજુ ઊભાં હતાં. પૂ.શ્રી તેમની પાસે ખાસ ગયા ને કહેવા લાગ્યા. આપણે મળીએ કે ના મળીએ તો પણ, તમારે રોજ જપ કરવા જ.

સામાન્ય રીતે વિદાય સમયે સૌ કોઇ હાથ ઊંચો કરીને આવજો કરતાં હોય છે પણ પૂ.શ્રીને ક્યારેય ગાડીમાંથી કાચની પણ બહાર હાથ કરીને આવજો કરતાં જોયા ન હતા. આજે નીચે ગાડીમાં બેઠા ત્યારે પૂ.શ્રીએ ગાડી ચાલુ થઇ ત્યારે ખાસ બીજે માળ ઊભેલાં શ્રીકુમુદબહેનને હાથ છેક કાચની પણ બહાર કાઢીને આવજો કહ્યું.

કાંદિવલીના ઉતારા ઉપર શ્રી બાબુભાઇની દીકરી આવતીકાલે પરીક્ષાના આશીર્વાદ લેવા ક્યારે આવે એ પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ તરત જ જણાવ્યું કે કાલે તો ઘણું મોડું થઇ જશે, આજે જ લઇલો આશીર્વાદ.

આરતી, સ્વાગત થોડો સત્સંગ કરાવી પૂ.શ્રી પોતાના ઓરડામાં પધાર્યા. આજે સવારથી પૂ.શ્રીએ ક્ષણનો પણ આરામ કર્યો ન હતો તેથી અમે કહ્યુંઃ મહાત્માજી, હજુ તો પ્રવચનમાં જવાને ઘણીવાર છે થોડો આરામ કરી લો. પૂ.શ્રીએ કહ્યુંઃ મોડું થશે જેથી સાંજની પ્રાર્થના કરી લઉં. એમ કરી બે પલંગની વચ્ચે નીચે શેતરંજી ઉપર પલાંઠીવાળી પ્રાર્થના માટે બેસી ગયા.

પ્રાર્થના બાદ શીરો ને બટાકાપૈઆનો અલ્પાહાર લીધો. અલ્પાહાર દરમ્યાન પૂ.શ્રીએ હંમેશની જેમ અમને પણ પ્રેમપૂર્વક પીરસ્યું ને કહ્યુંઃ હું તો પ્રસાદ પીરસું છું પણ તમને તો જે વધારે ભાવે તે જ લેવું. એમ કહીને અમને શીરો સરસ છે એમ કરી ફરી પીરસ્યો.

પૂ.શ્રીની સાથે રહેવાનું બન્યું ત્યારથી ઘણુંખરું રોજ રાતે

પૂ.શ્રીનાં શ્રીચરણોમાં તેલ લગાડવાનું સૌભાગ્ય પૂ.શ્રી કૃપા કરી અમને આપતા. ત્યારે પ્રણામ કરીએ ત્યારે આશીર્વાદ આપતા. અમારો જન્મદિન, નૂતનવર્ષ, ગુરુપૂર્ણિમા કે પૂ.શ્રીનો જન્મદિન હોય ત્યારે વળી સવારે વગર માગ્યે પણ આશીર્વાદ આપતા. બાકી તો દરરોજ રાતે પ્રણામ સમયે જ આશીર્વાદ મળતા.

તા.૧૮–૦૩–૮૪ની રાતે પ્રવચનમાં જતાં પહેલાં પૂ.શ્રીએ અમને કહ્યું, ''અહીં આવો, મારે તમને આશીર્વાદ આપવા છે. અમે પૂ.શ્રીની પાસે ગયા. નીચાનમીને નમસ્કાર કર્યાને ઊભા થવાની એ અવસ્થામાં પૂ.શ્રીએ અમારી પીઠ ઉપર કરોડરજ્જુના ભાગ ઉપર ને અમારા મસ્તક ઉપર ખૂબ પ્રેમપૂર્વક પોતાનો હાથ ફેરવ્યો અને કહ્યુંઃ અમે કોઈનું દેવું રાખતા નથી. અને એ અલૌકિક આશીર્વાદની વર્ષા વરસાવી પ્રવચન માટે પૂ.શ્રીએ પ્રસ્થાન કર્યું.''

પૂ.શ્રીની આજ્ઞા મુજબ માઇક બગડેલું હોવાથી ઘણું મોડુ થયું હોવા છતાં 'પ્રભુ મને પાજો' અમારે ભજન ગવડાવવું જ પડ્યું, પૂ.શ્રી ત્યારે આંખ મીંચીને તાલ આપતા જણાયા.

પૂ.શ્રીની પાસે ભજન પછી માઇક ગોઠવાઇ તે પહેલાં તો પૂ.શ્રીએ શ્લોક બોલીને પ્રવચનનો પ્રારંભ કરી દીધો. 'ભાગવત એટલે ભગવાનના થઇ જવું. પંખી પોતાના માળામાં ફરે ત્યારે જ, ફળ વૃક્ષ ઉપરથી જમીન ઉપર પડી ધરતીમાં બીરૂપે ફરી પહોંચે ત્યારે જ, તેને પરમશાંતિ પ્રાપ્ત થાય છે. એ રીતે ૧૮ મિનિટમાં ભાગવત ઉપર ખૂબ અદ્ભુત સમજ આપતું રસપ્રદ વ્યાખ્યાન ચાલી રહ્યું હતું.'

અને ૧૮ મિનિટમાં જ પૂ.શ્રીએ પોતાની સુખાસનવાળી અવસ્થામાં જ કોઈપણ પ્રકારના દુઃખદર્દનો પણ શબ્દ કાઢ્યા



વિના 'આ રામચરિતનો સાર છે' એ અંતિમ વચન સાથે પોતાના પાર્થિવ તનુનો સહજ રીતે પરિત્યાગ કર્યો.

જીવનભર જે ઉપદેશ એનું જ સર્વોત્તમ આચરણ. જે જે વાણીથી કહેવાયું તે તે જ કર્મમાં પરિણમ્યું. જે જે મનથી વિચાર્યું તે તે જ વાણીથી વહેવડાવી, કર્મમાં પણ તે જ ઉતાર્યું.

અદ્ભુત જીવન, અદ્ભુત આચરણ, દૈવી જીવન ને દૈવી વિદાય.

ફાગણ વદ એકમ અને ધૂળેટીનો ઉત્સવ
અમૃત સિદ્ધિ યોગમાં અમંગલ મહોત્સવ.
આ રામચરિતનો સાર છે અંતિમ ઉદ્‌ગારે
અધ્યાત્મ જગતનો એ રવિ, અસ્ત થયો સાચે.
પવિત્ર મંદિર સ્થાન ને, મુખે કથામૃત પાન,
મગ્ન થયા શ્રોતાવળી ત્યારે બન્યા અનાથ.
જ્ઞાની યોગી ભક્તને દુર્લભ છે જે રીત,
તે રીતે તન ત્યાગીને પૂર્ણ કરી પ્રભુ પ્રીત.
મમત્વ આસક્તિ નહીં ક્યાંય કદી વળગી,
અભિનય પૂર્ણ કરાવીને ધરતી ધન્ય બની.
રામકૃષ્ણ ને બુદ્ધ ને જ્ઞાનેશ્વર શંકર,
યોગેશ્વર રૂપે હરિ અગણિત હો વંદન.

# સ્વર્ગારોહણમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

સ્વર્ગારોહણ સેવક

### તા.૨૫/૦૭/૧૦ ગુરુપૂર્ણિમાની ઉજવણી

આ વર્ષે અંબાજી ખાતે સ્વર્ગારોહણમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે યોગેશ્વર પરિવારના પોણા બસો ભક્તો એકત્રિત થયા હતા.

પૂ.મા સર્વેશ્વરી હાલ અમેરિકા છે અને તેઓ પોતાના જપના સંકલ્પ પૂરા કરવામાં લાગેલા છે. તા.૨૪ના રોજ પરદેશથી ખબર આવ્યા કે પૂ.માના જપના નિર્ધારિત સંકલ્પ ગુરુપૂર્ણિમાના એક દિવસ પહેલાં જ પૂરા થઇ ગયા છે. સમાચાર ટેલિફોન ઉપર સાંભળી ઉપસ્થિત સાધકો ખૂબ ભાવવિભોર બની, ને આનંદિત થઇ ગયા હતા. બધાજ પૂ.શ્રીની કુટિયા આગળ ભેગા થઇ પૂ.ગુરુદેવ પ્રત્યેની કુતજ્ઞતા દર્શાવવા સર્વેએ સાથે મળી, સમૂહમાં અગિયાર પ્રણામ કર્યા હતા.

સ્વર્ગારોહણની સ્થાપનાને (૨૧/૭/૧૯૮૬) ૨૫મું વર્ષ ચાલે છે, તે નિમિત્તે સંચાલકોએ પ્રસ્તાવ મૂકેલ કે પચ્ચીસમાં વર્ષના ઉપક્ષ્યમાં ઓછામાં ઓછા ૨૫ હજાર પ્રણામનો થાળ આજે પ્રભુને ધરીએ.

ઉપસ્થિત સાધકોએ આ પ્રસ્તાવને ઉમળકાભેર વધાવી લીધો હતો ને સહુના આશ્ચર્ય વચ્ચે ૫૧ ભાઇબહેન ૩૧ બહેનો ને ૨૦ ભાઇઓએ એક હજાર પ્રણામ કરવામાં જોડાઇ—દિવસના અંતે ૫૧ હજાર કરતાં પણ વધુ પ્રણામ પૂ.શ્રીના શ્રીચરણે ધર્યા હતા. સાધકોના અને ખાસકરી બેનોના ઉત્સાહને અભિનંદવામાં આવ્યો હતો. પોતાના જપના સંકલ્પ પૂર્ણ થતાં પૂ.મા



અમેરિકામાં જે સ્થાનમાં હતાં, ત્યાં ઉપસ્થિત સાધક ભાઇબેહનોએ પૂ.માને જે રીતે વધાવી ઉત્સવ મનાવ્યો, તેની વિડિયો—સ્વર્ગારોહણમાં ઉપસ્થિત સાધક ભાઇબેહનો જોવા ભાગ્યશાળી બન્યાં હતાં.

વિજ્ઞાનની મદદ લઇ, પૂ.માએ પોતે અમેરિકા હોવા છતાં, તેઓની વિડિયોના જીવંત પ્રસારણ દ્વારા પોતે અંબાજીમાં પણ સાધકોની વચ્ચે જ સ્વર્ગારોહણમાં છે તેની પ્રતીતિ કરાવી તેથી સાધકો ભાવવિભોર બની ગયા હતા. તેઓને લાગ્યું કે પૂ.મા આપણી પાસે જ છે, ગુરુપૂર્ણિમાએ અંબાજી આવવાનું પ્રયોજન સફળ થયું એવું સહુને લાગ્યું.

આવાં પૂ.માની કૃપા સૌ સાધકો પર વરસતી જ રહે એજ પ્રાર્થના.

### મોહના પીંજરાને તોડવું કઠણ

કામના અને વાસનાના પીંજરાને તોડવું અઘરું. પરમાત્માની પરમકૃપા પામેલા પુરુષો જ, એની કૃપાથી એ પીંજરૂં તોડવા શક્તિમાન બને છે. બાકી જંગલમાં જવાથી પણ મોહનું પીંજરૂં તૂટતું નથી, વનમાં વસવાથી, સર્વસંગ ત્યાગીને પરિવ્રાજક બનીને એક ઠેકાણે બેસી રહેવાથી પણ પીંજરૂં તૂટતું નથી. આ પીજરૂં તો વિવેકથી તૂટી શકે, સદ્‌બુદ્ધિ સંપન્ન થવાથી તૂટી શકે. બાકી આ મોહના પીંજરાને તોડવાનું કામ અતિશય કપરું છે.

—સ્વામી રામ

# પ્રશ્નોત્તરી—ખેચરી મુદ્રા

(ગતાંકથી આગળ) યોગેશ્વરજી

પ્રશ્નઃ— ક્યું આસન સારું? ક્યા આસનમાં બેસી ખેચરી ક્રિયા અથવા ધ્યાન કરવું?

ઉત્તરઃ— આસન ચાર બતાવ્યાં છે. ૧. પદ્માસન ૨. સિદ્ધાસન ૩. સ્વસ્તિકાસન ૪. સુખાસન. અમુક અવસ્થા પછી સુખાસન અનુકૂળ બને છે.

પ્રશ્નઃ— બધામાં શ્રેષ્ઠ આસન ક્યું?

ઉત્તરઃ— જે આસન દ્વારા આપણું મન સ્થિરતા પામે તે આસન આપણા માટે શ્રેષ્ઠ છે. પાતંજલ યોગદર્શનમાં કહ્યું **स्थिरं सुखं आसनम् ।** જે આસન મનની સ્થિરતા અને મનના સુખનો અનુભવ કરાવે તે આસન સારું છે. લક્ષ્ય એક જ છે.

પ્રશ્નઃ— દોહન, ચલન વગેરે ચાલું રાખું ને?

ઉત્તરઃ— Fix કરવાનું, લગાડવાનું, સ્થિર બેસવાનું, વધારે ધ્યાન જીભ લાંબી થઈ તેનો લાભ લેવાનો છે. જીભ લગાડીને વધારે ધ્યાનમાં બેસવું. વધારે વખત સમાધિમાં રહી શકીએ તેનો લાભ લેવો. જીભ નાકના ટેરવા સુધી આવવી જોઈએ. સમાધિનો અનુભવ થવા માંડશે. પછી જીભનું ધ્યાન છૂટી જશે. ક્રિયાઓનો મોહ ન રાખવો. ક્રિયાઓ જેને માટે છે તે પરમાત્માનો મોહ રાખવો. ક્રિયાઓ સાધન છે સાધ્ય નથી. તમારો એકડો પૂરો થયો છે. પ્રાયમરી સ્કૂલ પૂરી થઈ છે. સેકન્ડરી સ્કૂલ પણ પૂરી થઈ છે. કોલેજમાં જાઓ.

અલ્પ અને સાત્ત્વિક ખોરાક લેવો. ઉષ્ણતા વધારે એવો



ખોરાક ન લેવો. આપણે અલ્પ ખોરાક લઈએ છીએ. પંજાબીઓ બહુ ખોરાક ખાય છે. કેટલાક નાસ્તો કરે. નાસ્તો છોડી દેવો જોઈએ.

પ્રશ્નઃ—હું ઓફીસમાં બેઠો હોઉં કાંઈ લખતો હોઉં. ત્યારે ખેચરીની ક્રિયા ચાલુ રાખી શકું?

ઉત્તરઃ—ખેચરીમાં એક આસન પર બેસવાથી જ વ્યવસ્થિત ક્રિયા થાય. નામ સ્મરણ કોઈ પણ સમયે થઈ શકે. ખેચરીનો અભ્યાસ બેસીને કરવાનો આગ્રહ રાખવો. વાત ન કરતા હો તો ખેચરી કરી શકો. ખેચરી વખતે બહારની કોઈ પ્રવૃત્તિ ન જોઈએ. ૧/૪ કલાક ૧/૨ કલાક પણ બધી પ્રવૃત્તિઓ તેની અંદર કેન્દ્રિત થઈ જવી જોઈએ. નામ સ્મરણ ગમે ત્યાં કરી શકો છો. ક્રિયાઓ માટે અમૂક સમય જોઈએ.

પ્રશ્નઃ— મને ૫૨મું વર્ષ ચાલે છે. મારે આસનો કરવાં કે નહિ?

ઉત્તરઃ—તમો ક્યા ક્યા આસનો કરો છો? જવાબઃ—શીર્ષાસન. ધનુરાસન, પદ્માસન વગેરે મળી ૧ કલાક આસનો કરવાં.

યોગેશ્વરજીનો ઉત્તરઃ—થોડા આસનો સ્વાસ્થ્ય માટે સારાં છે. દા.ત. સર્વાંગાસન, શીર્ષાસનનો અભ્યાસ ચાલુ રાખો.

પ્રશ્નઃ—નાડી શુદ્ધિ શું છે? પ્રાણાયામ કરવા કે નહિ?

ઉત્તરઃ—અમુક જાતના પ્રાણાયામ ઉપયોગી છે. આસનોમાં પ્રાણાયામ આવી જાય છે. સ્વતંત્ર પ્રાણાયામ કરવા હોય તો નાડી શોધન પ્રાણાયામ કરી શકાય.

પ્રશ્નઃ—નાડી શુદ્ધિની ક્રિયા બતાવો?

ઉત્તરઃ—હળવા પ્રાણાયામમાં કોઇ નુકશાન થવાનો સંભવ નથી. આપણે હળવા પ્રાણાયામ કરવા. ખેચરી સાથે આપોઆપ પ્રાણાયામ થાય છે. પ્રાણનો આયામ, નિરોધ—વિશ્રામ આપોઆપ થઈ જાય છે. શ્વાસ આપોઆપ ધીમો થઈ જાય છે. રોકાય છે. શ્વાસ અંદર જાય છે. પ્રશ્વાસ બહાર નીકળે બન્નેની ગતિનો વિચ્છેદ કરવો તે પ્રાણાયામ છે. નામ જપ કરતાં એકાગ્રતા આવે છે. શ્વાસ ધીમો થઈ જાય છે. જપ ક્યારે છૂટી ગયા તે ખબર ન પડે. જાગીએ ત્યારે ખબર પડે છે કે જપ રહી ગયા. હાથમાં માળા હોય તો તે પડી જાય છે. એકમાં જ ધ્યાન કેન્દ્રિત કરવું. જીવન થોડું છે. બહુ ઝડપથી જાય છે. દિશા નક્કી કરો. તેની પાછળ લાગી પડવું. ખેચરી દ્વારા નિર્વિકલ્પ થવા તરફ, સમાધિમાં પ્રવેશવા તરફ જ ગતિ રાખવી.

પ્રશ્નઃ—શરીર શુદ્ધિ કેવી રીતે કરવી?

ઉત્તરઃ—આસનો કરવાં. વ્યાયામ કરવો. પવિત્ર આહાર દ્વારા શરીર શુદ્ધ થાય. શરીરમાં હાંડકાં, ચામડાં, માંસ, રક્તવાહીનીઓ છે. મિનિટે મિનિટે શરીર અશુદ્ધ થાય છે. મન શરીર પર અસર પાડે છે. મન નબળુ હોય તો શરીર પર અસર પાડ્યા કરશે. મન બળવાન હશે, પરિપક્વ હશે તો તે શરીર પર અસર પાડશે.

પ્રશ્નઃ—મન બળવાન શી રીતે બને?

ઉત્તરઃ—સત્સંકલ્પથી મન બળવાન બને છે. પરમાત્માની પ્રાર્થના, આત્મનિરીક્ષણ, ત્રુટિઓ અવલોકવાથી, સત્સંગ કરવો વગેરે દ્વારા મન બળવાન બને છે. સત્સંગના બે પ્રકાર છે. (૧)સ્થૂળ સત્સંગ (૨)સૂક્ષ્મ સત્સંગ. સાધુસંતો મહાત્મા અને સંતપુરુષોના વચનોનું વાંચન, સારા પુસ્તકોનું વાંચન એ સૂક્ષ્મ



સત્સંગ છે. માણસના જીવનને બદલવાની સત્સંગમાં બહું શક્તિ છે.

પ્રશ્નઃ—સંસારમાં વેપાર, હુન્નર—ઉધોગ, ધંધો વગેરે કરતાં ખેચરીમુદ્રા—ક્રિયા ચાલુ રહી શકે?

ઉત્તરઃ—માણસનો પ્રમાદ વચ્ચે આવે છે. આપણે વિચારવું કે આપણે બીજું કંઇ કરવું નથી. જેટલો સમય મળે તેટલો સમય પૂજા, પાઠ, જપ, ધ્યાન કરવું તો ધંધો આપોઆપ છૂટી જશે. બેત્રણ કલાક સાધના કરવી. ધંધો પ્રમાણિકતાથી સારી રીતે કરવો. Voluntary Retirement—સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી લેવી. જીવન ટૂંકું છે. બહુ ઝડપથી ચાલ્યું જાય છે. ખબરજ પડતી નથી. પ્રભુને હું ''મા'' કહું છું. (શ્રી રામકૃષ્ણ દેવની જેમ) કાળ ઝડપથી કામ કરે છે. જીવનની ઘડીઓ ઓછી થતી જાય છે. લક્ષ્યને નજર સામે રાખી બને એટલું વહેલું કરવું તે જ કરી શકશે, બાકી કંઇ જ ન થાય. ભુલભુલામણીમાં ક્યાંના ક્યાં અટવાઇ જવાય છે.

પ્રશ્નઃ—ધ્યાન નિયમિત કરીએ છીએ છતાં સંસારની ઝંઝટોને લીધે એકસરખો રસ, આનંદ જળવાતો નથી, નિરાશા આવે છે. માર્ગદર્શન આપો?

ઉત્તરઃ—આપણે જમીન પર ચાલીએ છીએ પણ જમીનની અંદરની પ્રગતિ જણાય નહિ. પૃથ્વીની અંદર રાસાયણિક ફેરફાર થયા જ કરે છે. પણ ખબર પડતી નથી. ધરતીકંપ થાય છે ત્યારે ખબર પડે છે. આપણે જમીનમાં બીજ નાંખીએ છીએ. જમીનની અંદર બીજની પ્રગતિ આપણને જણાતી નથી. બીજમાંથી અંકુર ધ્યાનમાં આવતી નથી. અંકુરમાંથી છોડ, અને છોડમાંથી વૃક્ષ થાય છે ત્યારે ખબર પડે છે. આધ્યાત્મિક પ્રગતિ

ઘણાં વર્ષોનો શ્રમ માંગે છે. ઝડપથી દર્શન થતું નથી નિરાશ ન થવું. કરેલું નકામું જતું નથી. શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કલ્યાણ-કાર્ય કરનારની કદી દુર્ગતિ થતી નથી. વળી શ્રીકૃષ્ણ કહે છે સ્વલ્પ મપિ ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ । થોડો પણ ધર્મ મહા ભયમાંથી મુક્તિ અપાવે છે. થોડીવાર પ્રસન્નતા—અપ્રસન્નતા શાંતિ—અશાંતિ સ્થિરતા—અસ્થિરતા એવું રહે છે. આપણું અનુસંધાન પરમાત્મા સાથે થઇ જશે એટલે પછી અખંડ રીતે ચાલ્યા કરશે. કેટલાય જન્મના પુરુષાર્થ પછી એક જન્મમાં પ્રબળતા જણાય છે. કરેલું નકામું નહિ જાય. દરેક વસ્તુનો નિશ્ચિત સમય હોય છે. તે સમય આવે છે ત્યારે ઈશ્વરની ઇચ્છા હોય છે. ત્યારે તેના મહિમાનો લાભ લઇ શકીએ છીએ. જગ-દંબાની ઇચ્છા પ્રમાણે આપણી ઇચ્છાને ભેળવી દેવી જોઇએ.

પ્રશ્નઃ—પૂર્વજન્મોના કર્મની અસર આ જન્મમાં શારીરિક સ્થિતિ ઉપર પડે ખરી? દા.ત.મારી આંખ નબળી છે કોઇ કહે છે કે પૂર્વજન્મમાં તમારા એવાં કોઇ કાર્યો હશે. જેથી પરિણામે તમારે આંખની તકલીફ ભોગવવી પડે છે. આવું બને ખરું?

ઉત્તરઃ—બની શકે. આપણને આપણાં કર્મોના આધારે ફળ મળે છે. જે કર્મો કરીએ છીએ તે બધાં ભેગાં થાય છે, તે સંચિત કર્મો કહેવાય છે. ભૂતકાળમાં કરેલાં બધા કર્મોનો સંગ્રહ થયેલો છે. તે સંચિત કર્મો બન્યાં છે. જે કર્મો ફળ આપવાની શરૂઆત કરે છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. અને આપણે જે નવાં કર્મો કરી રહ્યા છીએ તે ક્રિયમાણ કહેવાય છે. આ રીતે કર્મના ત્રણ પ્રકાર છે. (૧)પ્રારબ્ધ. (૨)સંચિત (૩)ક્રિયમાણ. કર્મભોગ એ પ્રારબ્ધ છે. સંચિતમાંથી પ્રારબ્ધ બને છે. કરાતાં કર્મો એ ક્રિયમાણ કહેવાય છે.



પ્રશ્નઃ—આપણે પ્રારબ્ધનું ફળ ભોગવતા હોઇએ ત્યારે સત્કર્મોદ્વારા ફેરફાર થઇ શકે?

ઉત્તરઃ—હા. ફેરફાર થઇ શકે. ઈશ્વરની કૃપાથી, મહાપુરુષોના અનુગ્રહથી પ્રારબ્ધમાં ફેરફાર થઇ શકે છે. પરમાત્માને આજીજી કરવી, પ્રાર્થના કરવી એ સત્કર્મ છે. વિધિપૂર્વકની પૂજાઓ, ક્રિયાઓ, ગ્રહશાંતિ કરાવીએ છીએ આ બધા સત્કર્મો છે. અને એ સત્કર્મો દ્વારા પ્રારબ્ધમાં ફરેફાર થઇ શકે છે.

'મા' જેને ઉઠાડવાના હોય એને જ ઉઠાડે જિજ્ઞાસા જરૂરી.
—મા

જીવને કહેવું : હું તને જ મળવા માટે હવે એપોઇન્ટમેન્ટ લઇશ. —મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પ્રેરણાસ્પ્રદ બોધ વચનો

ડૉ. પ્રકાશ ગજ્જર

## સતત માર્ગદર્શન

**પ્રભુને તેની શક્તિ નિરંતર મારી સાથે જ હોય છે.**

પોતાના વિચારોના વેગને ધીરો પાડીએ, ચિત્તને વિશ્રામાવસ્થામાં લઈ જઈએ અને શાંતિ—આનંદની પ્રાર્થના શરુ કરીએ ત્યારે આ પ્રતીતિ વધારે પ્રગટ થવા લાગે કે પ્રભુને તેમની શક્તિ નિરંતર આપણી સાથે હોય છે જ.

અત્યારે આપણને સહાનુભૂતિ અને ટેકાની જરૂર છે? તો પ્રભુના પ્રેમછલકાતા હૃદયમાંથી આપણને એ અવશ્ય મળી શકે છે. પ્રભુ આપણા હૃદયમાં, ભાવોમાં, વિચારોમાં, સ્વપ્નોમાં અને પ્રાર્થનાઓમાં હાજર હોય છે જ. પ્રભુનો પ્રેમ આપણને ટેકો આપે છે ને વધારે સબળ બનાવે છે. એ આપણને આશાયેશ આપે છે. મુશ્કેલી અને સંઘર્ષનો સમય હોય ત્યારે એ જરૂરી હિંમત અને શ્રદ્ધા પૂરી પાડે છે.

અત્યારે આપણને નવી સૂઝબૂઝ અને જ્ઞાનની આવશ્યક્તા છે? જૂના અને તાજેતરનાં સંજોગો અને અનુભવોનો અર્થ અને હેતુ શોધવાનો આપણે પ્રયાસ કરી રહ્યા છીએ? તો તો 'પ્રભુ, પ્રકાશ પ્રગટાવો, માર્ગદર્શન આપો' એવી પ્રાર્થના કરતાંની સાથે જ આપણા ચિત્તમાં નવા જ જ્ઞાનની ધારા વહેવા લાગે છે. એ પ્રકાશધોધમાં આપણો ડર અને શંકા ક્યાંય તણાઈ જાય છે.

અને આપણને પેલો અવાજ સંભળાવા લાગે છેઃ ''મારામાં શ્રદ્ધા રાખ. હું તારી સાથે જ છું. ભલે તને અત્યારે બધું ના



સમજાય. બધું મંગલમય થવાનું જ છે. મારા રાહ નિરાળા છે. હું તારી સાથે જ છું. પૂરી શ્રદ્ધા રાખ. તારા પગલેપગલાંને હું સતત અજવાળતો રહીશ. તને ગૂઢ સત્યનાં દર્શન હું સતત કરાવતો રહીશ.''

## હિંમતની હેલી

**મારો આત્મા પરમાત્માનું મંદિર છે. એની અમાપ, દિવ્ય શક્તિથી હું મારા તમામ અવરોધોને ઓળંગી જાઉં છું, ને વિજયી બનું છું.**

અત્યારે જો મારા જીવનમાં કોઈ પડકાર હોય તો ઉપરનો આત્મ સંકેત મને ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. પડકાર ના હોય અને જીવનની ધારા સહજ વહ્યા કરતી હોય તો પણ મને નવી પ્રેરણા, તાકાત અને નવો ઉત્સાહ પ્રાપ્ત થઈ શકે છે.

મારો આત્મા પરમાત્માનું મંદિર છે, એની અમાપ દિવ્ય શક્તિથી હું મારા તમામ અવરોધોને ઓળંગીને વિજયી બની શકું છું, એ મહાન સત્યને સમજવા માટે ઘડીવાર માટે પણ શાંત બનો તો ખરેખર હું મારા કોઈપણ અવરોધોને અવશ્ય ઓળંગી જઈ શકું, ગમે તે મુશ્કેલીઓમાં વિજયી બની શકું.

પરમાત્મા મારામાં એ જ્ઞાન અને વિશ્વાસ જગાડે છે કે શ્રદ્ધા અને આશાવાદી વિચારવાળા માટે સર્વકાંઈ શક્ય છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરીય ચેતનાનો સંપર્ક કરતાંની સાથે જ મારામાં એવું શ્રદ્ધાબળ પ્રગટ થાય છે કે હું કોઈ પણ પડકારને ઝીલી શકું, ગમે એવી કસોટીને પણ પહોંચી વળી શકું. કોઈ પણ આહ્વાન મારા માટે તે સામાન્ય બની જાય.

મારામાં વસતી ઈશ્વરીય ચેતના મને નવી હિંમત આપે, વધારે સબળ બનાવે છે. મારા માટે નવી નવી સફળતાઓ

મેળવવાનું એ સરળ કરી દે છે. મારી હિંમતમાં અદમ્ય વધારો થાય છે. કારણ કે પરમાત્મા માટે તો કશું જ અશક્ય નથી હોતું. એના સંપર્કને કારણે મારા માટે પણ બધું સરળ બનવા લાગે છે. મારી ધારણા કરતાં પણ ઈશ્વરીય શક્તિ ઘણીઘણી સબળ છે, એ જાણી મને અપાર આનંદ થાય છે.

પ્રભુ! તું નિરંતર અમારી સાથે છે એ પ્રતીતિ ક્યારેય ના વિસરાજો. —મા

પ્રભુ! મારી શ્રદ્ધા ને હિંમત ડગે નહીં, તારો પ્રેમ મને યાદ રહે એટલું માગું છું. —મા

બધાં શુભ તત્ત્વોને સાથે રાખી પરમાત્માને દ્વારે જવું.
—મા
ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

મા સર્વેશ્વરી

### તા.૧૯/૦૭/૦૮ વીન્ઝર થી દૂરો

સતત વિચરણ—જાણે અનંત જન્મોની અનંત શરીરોનો વિસ્તારને પાછો વિરામ. પાછો વિસ્તાર. પાછો વિરામ—બસમાં બાર કલાકનો વિશ્રામ—મોટલમાં બાર કલાકનો વિશ્રામ—છતાં નથી થાક. નથી કંટાળો—નથી માંદગી કે નથી બેચેની—સતત સતત નિત્ય નવી સ્ફૂર્તિ, શક્તિ, ઉત્સાહરૂપે કે હે હરિ, આપજ સૌમાં વિસ્તાર પામો છો. આપનું એ પરોક્ષ દર્શનને—અમારા સૌના પ્રણામ, પ્રણામ.

આજે નિત્ય પ્રાર્થના થઈ છે. બાળકો બધાં જ પ્રસન્ન છે. ગઈકાલની ગુરુપૂર્ણિમાની, નિયમોની, ઉપવાસોની, આજે સૌને હાશ છે. યથાશક્તિ સૌ નિયમો પાળી શક્યાં છે.

આજે બહેન નિશાનો જન્મદિન હતો. મા કેન્ડીની વર્ષા કરી વધાવી રહ્યાં છે. શ્રી નિર્મલ જન્મદિનનું ગીત ગાવા ઊભાં થયાં છે. વીડીયોમેનને જગ્યા આપવા જેવાં પાછળ પગલાં ભર્યાં ત્યાં જ બ્રેકમારી છે ને અને શ્રી નિર્મલ જાણે લાંબો કૂદકો મારીને છ પગથીયાં વચ્ચે ઝીંકાયને પડ્યાં છે. એનો દેહ જાણે એક મિનિટમાં તો ઘંટીની જેમ ફર્યો. ચાલુ બસ હતી સૌ એને જોઈ રહ્યાં હતાં. કોઈ મદદ કરવા જાય તે પહેલાં તો પોતે જ બેઠાં થઈ શક્યાં. ઉપરની સીટ ઉપર આવી શક્યાં. મા સામે જ હતાં, જરા હાથે પગે, મસ્તકે હાથ ફેરવીને, માને માઈક પાછું આપે છે અને શ્રી નિર્મલ ફરી ગાવા માંડે છે.

મા લખે છે, ''શાબાશ.''

જોનારા સૌ ડરી ગયાં છે. ડૉકટર પાસે જવું પડશે કે હાથ પગ ભાંગ્યા હશે, વિવિધ કલ્પના એક સેકન્ડમાં તો સૌને આવી ગઈ.

પણ શ્રી હરિ સમર્થ શક્તિનો અહીં પરિચય આપતાં જાણે કહી રહ્યા છે.

''જોયું, મારી કેવી કૃપા છે, ભલે કૂદકો મરાયો, શરીર ઝીંકાયું, બસના બધા જ ભાગોનો માર પ્રસાદ અપાયો. આખું શરીર ફંગોળાયું. છતાં મેં એ દીકરીની રક્ષા કરી છે મારી શક્તિનું સૌને દર્શન કરાવવા કોઇક તો નિમિત જોઇએજને!'' એટલે આજે મેં મારી કૃપા સર્વ સમર્થતાનું દર્શન કરવા આ કૂદકો મરાવ્યો.

**જેને રામ રાખે**
**તેને કોણ મારી શકે**

હા. નહી તો એનાં બધાં જ અંગો મરડાઇ ગયાં હોત. કમ્મરના મણકા ખસી ગયાં હોત, માથામાં એકાદ ખૂણો વાગત તો ભારે ઈજા થાત, એ જગ્યા જ કેવી નાનકડી. વળી બાજુથી બધાં જ જાણે માર મારવા તૈયાર હોય એવી હતી; છતાં મે એને સુરક્ષિત રાખી છે. એક લસરકો પણ ક્યાંયે પડવા નથી દીધો. યાત્રામાં સૌ મારાં પ્રિય બાળકો છે સૌની રક્ષા હું મૌન રહીને કરતો રહ્યો છું. ને કરતો રહીશ.

બસ આખી સતત મારાનામનું સંકીર્તન કરતી રહે છે. રક્ષમામૃથી ગાજતી રહે છે, તો મારે પણ સામે પક્ષે જે જે ફરજો છે, તે તે બજાવવામાં હું વિલંબ નથી કરતો. મને પોકારે તેની હું પડખે જ ઊભો છું. હું ક્યાં તમને દેખાયો? તમારી આંખ ક્યાં



મને જોઇ શકે તેવી શક્તિશાળી છે? એટલે જ આ કૂદકો એ મારી કૃપાનું નજરાણું છે એમ માનીને એને જુઓ, વધાવો, મુલાવો, સમજો તો જ કંઇક અંશે મારા સ્વરૂપનો ખ્યાલ આવે.

હા, શ્રી નિર્મલ સ્વસ્થ થઇ ગયાં છે. જન્મદિનનું ગીત પૂરું કર્યું. શ્રી હરિની આ અલૌકિક, ગુપ્ત, શાંત, દિવ્ય વાણી આ કૂદકામાં પથરાયેલી હતી. સૌએ એને ઉઘાડી આંખે જોઇ, ઉઘાડા કાન રાખીને સાંભળી છે.

અરે, કરેલી પ્રાર્થનાનું બેલેન્સ જાણે રક્ષા કવચ બનીને ઊભું રહ્યું, જેમ બેન્ક બેલેન્સ સંકટ સમયે કામ લાગે તેવું. શ્રી નિર્મલની અનંત જન્મોની, આ જન્મની, આ વરસની, આ મહિનાની, આ દિવસની જે જે પ્રાર્થના શ્રી હરિના ખાતામાં જમા હતી, તે જ શ્રી હરિએ સાંભળી લીધી ને પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં આ પ્રસાદ ધર્યો છે.

એ દ્રશ્ય, રક્ષાનીએ ઝાંખી, અરે કહો કે હરિકૃપાની એ લ્હાણી સૌના મનઅંતરમાં જડાઇ ગઇ. સૌના મન એક સત્યને સ્વીકારતાં થઇ ગયાં કે શ્રી હરિની હાજરી આ કૂદકામાં હતી જ.

આજે હોપવેલરોક સૌ જોઇ લે છે. મેગ્નેટીક હીલ પણ જોઇ લે છે. અરે, આજે તો બહેન નિશા શ્રીમન્ નારાયણની ધૂન કલાકો સુધી ગાતી રહી, ગવડાવતી રહીને ધૂનમય, હરિમય જન્મદિન ઉજવતી રહી. બહેન નિશાના કંઠમાં મધુરતા છે. એટલે સૌને એ ડોલાવી રહી છે. શ્રી હરિ પણ પ્રસન્ન થઇને ડાહી દીકરી ઉપર આશીર્વાદનો વરસાદ વરસાવતા હશે. નિશાની સામે ઝીલનારા પણ મસ્ત બની ડોલતા હતા.

આજે તો ભાઇ રાજુ પણ રંગમાં હતો. હૂ તૂ તૂ તૂ નું પેલું પ્રસિદ્ધ ગીત મસ્તીથી ગાયું. ને પાછું અંગ્રેજીમાં તેને સમજાવ્યું.

એ રીતે પોયણું પાંગર્યું પણ અંગ્રેજીમાં સમજાવ્યું. આ યાત્રામાં જેને જેને જે કાર્ય શ્રી હરિએ સોંપ્યાં છે, તે તે સૌ સર્વોત્તમ રીતે કરી રહ્યાં છે.

આજે બહેન ભારતી અચાનક યાત્રામાં જોડાવવા આવી ગઇ છે વાત તો હતી પણ ટીકીટ મળે તો, અનિશ્ચિત હતું. છેક આજે ૧ કલાક પહેલાં જ માને જાણ થઇ. સુરક્ષિત આવી ગઇ.

સૌ પ્રસન્નતાથી યાત્રા માણી રહ્યાં છે. હે પ્રસન્નતાના સ્વામી, આપને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

દરેક પ્રતિકૂળતા પ્રભુ પ્રત્યેની ગતિમાં વૃદ્ધિ કરાવે છે. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# સ્વામી રામના પ્રસંગો

**શ્રી કુંદનિકા કાપડિયા**

## અનાસક્તિનો પાઠ

મારા ગુરુએ મને બધું જ આપ્યું હતું અને હું તેમને કાંઇ જ આપી શકતો નહોતો. તેમના ભક્તો તેમને ઘણા પૈસા આપતા અને તેનું શું કરવું તે તેમને સૂઝતું નહીં. એમના વતી હું એ પૈસા બીજાઓને વહેંચી દેતો કે મારી ઇચ્છા પ્રમાણે વાપરતો. એક વાર મેં તેમને કહ્યુંઃ ‘મારે મુંબઇ જવું છે.’

તેમણે કહ્યુંઃ ‘તારે જોઇએ તેટલાં પૈસા લઇ લે.’ મેં ૫૦૦૦ રૂા. લીધા અને ઘણી વસ્તુઓ ખરીદી. તેમાં ત્રણ ગ્રામોફોન પણ હતાં.

તેમણે કહ્યુંઃ ‘વાહ બેટા, એ બધાં એકી સાથે વગાડજે.’ મેં બધા સાથે વગાડ્યાં ત્યારે મને એમાંથી કશું જ સમજાયું નહીં.

લોભ ને લાલસાથી કોઇને ક્યારેય સંતોષ થતો નથી. વસ્તુઓ મેળવવાની ઇચ્છા સતત વધતી જ જાય છે અને તેમાંથી દુઃખનાં વમળ સર્જાય છે. માત્ર મંદિરમાં જવાથી, દેવળમાં પૂજા કરવાથી, ઉપદેશ સાંભળવાથી કે ક્રિયાકાંડ કરવાથી આ અજ્ઞાન દૂર કરી શકાતું નથી. સદીઓથી માણસ તેની ઇચ્છાપૂર્તિ કરતો આવ્યો છે, છતાં તે હજુ દુઃખી જ છે. પરમ સત્ય પ્રાપ્ત કરવા માટે માણસે બીનજરૂરી સંગ્રહની ઇચ્છામાંથી મુક્ત થઇ જવું જોઇએ.

જરૂર કરતાં વધારે વસ્તુઓ ધરાવવાથી ઊલટાના અવરોધો ઊભા થાય છે. એમાં સમય અને શક્તિનો વ્યય છે. જરૂરતો

અને આવશ્યકતાઓને સમજ્યા વિના ઈચ્છા અને માગણીઓની તૃપ્તિ શોધવાથી માણસ જાગૃતિના પથથી ચ્યુત થાય છે. ઈચ્છા જ બધા દુઃખોનું મૂળ છે. દુન્યવી પ્રાપ્તિની ઈચ્છાઓને આત્મજાગૃતિની પ્રાપ્તિની દિશામાં વાળવામાં આવે તો એ જ ઈચ્છાઓ સાધનરૂપ બની જાય છે. એવે વખતે ઈચ્છાઓ અવરોધ બનવાને બદલે આત્મસાક્ષાત્કાર માટેનું ઉપયોગી સાધન બને છે. એક સાદી ઉપમાથી આ સમજી શકાશે. પવનની લહેરથી મીણબત્તીનો પ્રકાશ તરત હોલવાઈ જાય છે. પણ એ પ્રકાશને રક્ષવામાં આવે અને તે જંગલોમાં ફેલાય તો મોટો દવ સળગી ઊઠે. એ વખતે પવન તેને હોલવી નાંખતો નથી, પણ ફેલાવવામાં મદદ કરે છે. મુમુક્ષુ પણ જ્યારે યમનિયમ વડે પોતાની અંદર સળગતી ઈચ્છાની જ્વાળાને રક્ષે છે ત્યારે વધુ ને વધુ જ્વલંત બને છે. પછી સઘળી પ્રતિકૂળતાઓ બાધારૂપ બનવાને બદલે સાધનરૂપ બને છે. આત્મસાક્ષાત્કારના માર્ગ પરના કહેવાતા અવરોધો ખરેખર તો અવરોધો છે જ નહીં. આપણી નિર્બળતા અને દુનિયાની વસ્તુઓમાં આપણે જે મુલ્ય આરોપીત કરીએ છીએ તે જ આપણે માટે અવરોધ સર્જે છે. આસક્તિએ આપણે સર્જેલો એક એક મોટો અવરોધ છે. અનાસક્તિ વડે આપણે આ અવરોધને ઓળંગી જઈ શકીએ.

આ અવરોધોને દૂર કરવાના ચાર માર્ગ છે. એકઃ જો કોઈ વસ્તુ હોય જ નહીં તો મનુષ્યનું મન તેમાં આસક્ત શી રીતે થઈ શકે? આમ વસ્તુનો ત્યાગ કરવો એ એક માર્ગ છે. પણ ઘણા લોકોને તે અઘરો લાગે છે. બેઃ દુનિયાની બધી વસ્તુઓ આપણી પાસે ભલે હોય, પણ આપણે તેને સાધન તરીકે વાપરવાની રીતે જાણી લઈએ તો પછી વસ્તુઓ આપણી આડે અવરોધ સર્જી શકતી નથી. આ રીતમાં આપણા વલણો બદલી નાંખવાના હોય



છે. જે માણસે પોતાના વલણો બદલ્યા છે તે ખરાબ સંજોગોની સારા સંજોગોમાં પલટાવી શકે છે. ત્રીજો માર્ગ એ છે કે માણસ પોતાના કાર્યો કુશળતાથી અને નિઃસ્વાર્થપણે કરતાં શીખે અને કાર્યનાં ફળ બીજાના લાભાર્થે અર્પણ કરી દેઃ આવો માણસ અનાસક્ત થઈ સલામતપણે ભવસાગર તરી જાય છે. ચોથો માર્ગ સમર્પણ અને શરણાગતિનો છે. માણસ પોતાની જાત અને પોતાનો જે કાંઈ હોય તે બધું પરમાત્માને સમર્પિ દે છે. અને સર્વ આસક્તિઓથી મુક્ત થઈને જીવન જીવે છે. આ રસ્તો આમ સહેલો લાગે છે, પણ ખરેખર તો અઘરો છે.

મારા ગુરુ મને સુધારવાને બદલે માત્ર આ હકીકત પ્રત્યે સભાન બનાવતાં કે મનુષ્યનાં મન અને હૃદય નિર્બળતાને લીધે બદલાય જાય છે. હું મારી નિર્બળતાઓ પર વિચાર કરતો અને પછી મારા પરિવર્તન માટે ધ્યાન કરતો. તે કદી કહેતાં નહીં કે આ કરો કે તે કરો. તેમણે તો મને માત્ર માર્ગ બતાવ્યો અને એના પર મેં જ મારી એકલ યાત્રા શરુ કરી. 'એકલાં ચાલતાં શીખો.' એ મારે માટે એક પાઠ હતો.

### આસ્વાદ લઈને ત્યાગ કરો.

મારા યૌવનકાળમાં મને મોંઘાંદાટ કપડાં પહેરવાની ખરાબ આદત પડી હતી. બજારમાં જઈ હું જાતે કપડું પસંદ કરતો અને દરજી પાસે જઈ સિવડાવતો. સૂટની સાથે મેળ ખાય તેવા રંગની ટાઈ અને રૂમાલ પણ રાખતો. મારા ગુરુના કેટલાક શિષ્યોને આ બધું વિચિત્ર લાગતું અને મારી રહેણી વિશે તેઓ હંમેશાં ફરિયાદ કરતા. પાંચ વરસ હું આ રીતે જીવ્યો પણ મારા ગુરુને કાંઈ પડી નહોતી. હું એક પાઠ શીખી રહ્યો હતો, જે મારા વિકાસ માટે જરૂરી હતો.

મારા ગુરુ સમક્ષ હું ઊભો રહેતો ત્યારે તે કહેતાઃ 'તારી રુચિ ઘણી હલકી છે.'

હું વિરોધ કરતોઃ 'મહારાજ, આ તો મારા સૌથી ઊંચા પ્રકારનું કાપડ છે.'

એક દિવસ આ રીતનાં કપડાં પહેરવામાંથી મારો રસ ઊડી ગયો. હું સાદો ઝભ્ભો ને પાયજામો પહેરી તેમની પાસે ગયો. તેમણે કહ્યુંઃ 'તું સુંદર દેખાય છે.' તેઓ ઇચ્છતા હતા કે હું દુનિયાનો આસ્વાદ લઉં, એનું શું મૂલ્ય છે તે ચકાસું, સમજું અને પછી તેનો ત્યાગ કરું.

સાદું જીવન અને ઉચ્ચ વિચારો એક સૌંદર્યબોધ સર્જવામાં સહાય કરે છે. આ સૌંદર્યબોધને સર્જતાં, અને આપણા જીવનમાં સૌંદર્ય તથા મોહકતાને વણી લેતાં ઠીક ઠીક લાંબો વખત લાગે છે. મોંઘાં કપડાંમાં આપણી કુરૂપતાને ઢાંકી દેવાની કોઈ શક્તિ નથી. છટાદાર વસ્ત્રો આપણને કાંઈ સુંદર બનાવી શકતાં નથી. બહારની વાતો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આપણે આંતરિક સુંદરતા કેળવતાં અને વ્યક્ત કરતાં શીખવું જોઈએ. આંતરિક સૌંદર્ય બધા જોઈ શકે એ રીતે પ્રકાશી ઊઠશે.

ત્યાગ એ તો અગ્નિનો માર્ગ છે, અને જેમણે પોતાની ઇચ્છાઓ ભસ્મીભૂત કરી હોય તેઓ જ એ પંથ પર ચાલી શકે. ઘણા શિષ્યો ક્ષણિક આવેગમાં હૃદયથી અસ્વસ્થ થઈ જાય છે અને જગતનાં લાભહાનિથી નિરાશ થઈ દુનિયાનો ત્યાગ કરવાનું વિચારે છે. એમ કરતાં તેમને કદાચ બહારથી સુખદ લાગતી પરિસ્થિતિ મળે, પણ તેમની અંદરની અસ્થિર દુનિયા તો તેઓ જ્યાં જાય ત્યાં સાથે જ રહેવાની. નિરાશા, લોભ, વાસના, ધિક્કાર, પ્રેમ, ગુસ્સો, ઈર્ષ્યા આ બધું એક આધ્યાત્મિક



શિસ્ત વિના ત્યાગવું અશક્ય છે. અસંતુષ્ટ, હતાશ થયેલો જીવ ત્યાગના માર્ગે યાત્રા કરવાને લાયક નથી. ગુફામાં બેસીને ભૌતિક સુખોનો વિચાર કરવાથી તો દુઃખ જ જન્મે છે. મારા ગુરુ ઇચ્છતા હતાં કે હું નિરાશા અને વિફળતાથી ભરેલું નહીં, પણ સહજ સ્વાભાવિક નાનપણ વિતાવું. એ દિવસોમાં હું મોટરગાડી ખરીદતો, વરસમાં બે વાર તેનો વેપાર કરતો. ભારતના કોઈ રાજકુમાર કરતાંય વધું સારી રીતે હું જીવતો. મારાં ઘણાં સગાંઓ અને મિત્રોને તેમ જ પોલિસખાતાને પણ નવાઈ લાગતી કે આવું વૈભવી જીવન જીવવા આટલાં પૈસા હું ક્યાંથી લાવતો હોઈશ? એનું રહસ્ય તો એ હતું કે મારા ગુરુ મને જે જોઈએ તે આપતા હતા. તે પોતે કશું રાખતા કે વાપરતા નહીં.

દુનિયાના પદાર્થોનું મૂલ્ય હું સમજ્યો તે પછી હું શાંત થઈ ગયો. મને મનની એક શાંતિ મળી. એ શાંત સ્થિતિમાં હું વધુ સારી રીતે ધ્યાન કરવાને શક્તિમાન બન્યો. ગુપ્તવાસના બહુ ભયંકર બાબત છે, કારણ કે તે સક્રિય જીવન કરતાં ધ્યાન—અવસ્થામાં વધારે પ્રગટ થાય છે. દુન્યવી સિદ્ધિઓની ઇચ્છા જ્ઞાન માટેની ઇચ્છાને પૂર્ણ કરવામાં બાધા ઊભી કરે છે.

એક વાર મારા ગુરુએ કહ્યુંઃ 'ચાલ, ગંગા કિનારે જઈએ. મારે તને એક પાઠ શીખવવાનો છે.'

મેં પૂછ્યુંઃ 'શાનો પાઠ?'

તેમણે કહ્યુંઃ 'તું હિમાલયમાં શા માટે રહે છે?'

મેં કહ્યુંઃ 'આધ્યાત્મિક સાધના કરવા માટે.'

'આધ્યાત્મિક સાધના તારે શા માટે કરવી છે?' તેમણે પૂછ્યું.

'જ્ઞાન મેળવવા અને પૂર્ણત્વ પ્રાપ્ત કરવા.' મેં કહ્યું.

મારા ગુરુએ કહ્યુંઃ 'તો પછી તને દુનિયાની ચીજવસ્તુઓની કેમ ઇચ્છા રહે છે? તને દુનિયાની શી જરૂર છે? તું ત્યાગી છે, ગુફામાં રહે છે અને છતાં દુનિયાના વિચાર કરે છે. આ તો માથાનો દુખાવો છે. આત્મઅનુશાસન વિના બીજી કોઈ રીતે એ મટશે નહીં. આત્મ—અનુશાસનમાંથી આત્મ—કેળવણી આવે છે, અને આ કેળવણી પ્રત્યક્ષ અનુભૂતિ ભણી લઈ જાય છે. પ્રત્યક્ષ અનુભવ દ્વારા તમારી ચેતનાનો વિસ્તાર થાય છે. આ ચેતનાનો વિસ્તાર જ જીવનનું લક્ષ્ય છે.'

દુનિયાનાં આકર્ષણો, પ્રલોભનો, મોહકતાઓ ઘણાં શક્તિશાળી છે એની ના નહીં, પણ જ્ઞાની માટેની પ્રજ્વલિત ઇચ્છા શ્રેયાર્થીને એના માર્ગમાંથી ચ્યુત થવા દેતી નથી.

★ અનુભવી મહાપુરુષોના પુસ્તકો આપણને સર્વ રીતે પ્રકાશિત કરે.

★ ઘરમાં રોગનું કૂતરું ઘૂસી જાય તો તેને મંત્રની લાકડીથી હાંક્યા કરવું.

★ ખુશ ખબર આવે કે શોકના ખબર આવે, પ્રભુને જ કહી દેવા : 'લો તમે સંભાળો તમારો સંસાર ને મને જંપવા દો, જપવા દો તમારું નામ.' —મા



# પૂ.માશ્રી સર્વેશ્વરી—એક અનાસક્ત સંત

**નારાયણ હ. જાની**

સ્વામી રામના જીવનની ઘટનાઓ ખૂબ ધ્યાનથી વાંચવા જેવી, અને મનન કરી, જીવનમાં ઉતારવા જેવી છે. આ અંકમાં તે અન્યત્ર છપાઈ છે.

હવે આપણી સમક્ષ પૂ.માનું જીવન છે—ખુલ્લી કિતાબ જેવું. એમના વ્યક્તિગત જીવનનું નિરીક્ષણ કરતાં એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે તેમાં વસ્તુઓનો ત્યાગ છે, સાથે સાથે એટલીજ અનાસક્તિ કે માલિકીપણાનો અભાવ—સંપૂર્ણ અભાવ—આંખે ઉડીને તરી આવે એવો છે.

આ ત્યાગ વૈરાગ્ય વગર ટકે નહીં. રાગીવ્યક્તિ કદી અનાસક્ત બની શકે નહીં. સાચા સંત બની શકે નહીં એટલે કોઈપણ વસ્તુ ગમે તેટલી કીંમતી કે સુંદર હોય—અને તે સંતના ચરણે ધરવામાં આવે, ત્યારે માણસના મનની કસોટી થઈ જાય. મન નિર્મલ છે કે રાગી—તેની તરત પરીક્ષા થઈ જાય.

પૂ.માના જીવનના આવા પ્રલોભનોવાળા ઘણાં પ્રસંગોના સાક્ષી બનવાનું સૌભાગ્ય અમને મળ્યું છે. એટલે જ સંસારની વચ્ચે—જનસમાજની વચ્ચે વસવા છતાં પૂ.માનું નિર્લોભીપણું છતું થયા વિના રહેતું નથી.

આવી અનાસક્તિ દર્શાવતી ઘણી ઘટનાઓ છે, પરંતુ અહીં તે ઘટનાઓ વર્ણવવાનો આશય નથી, પરંતુ તેઓમાં જે અનાસક્ત ભાવ પૂ.માનો છતો થાય છે તેની જ વાત કરવાની છે.

૨૪—૨૫ વર્ષ પહેલાંની આ વાત છે. પૂ.મા ત્યારે કપૂરામાં હતાં. સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી એક ભાગવત સપ્તાહનું

આયોજન ત્યાં હતું. પૂ.માના સૂચનથી અમે તે સાંભળવા ગયેલા.

પૂ.માનો ઉતારો તે વખતે તેમના મોટા બહેન શારદાબહેનને ત્યાં હતો. સપ્તાહના ત્રીજા—ચોથા દિવસે પરદેશથી સૂરતના એક ભક્ત સીધા પૂ.માના દર્શને કપૂરા આવ્યા. તેઓએ પૂ.માના ચરણમાં મોટી રકમનું ભેટનું કવર મૂક્યું. પૂ.માએ તેમાં શું છે તે જોયા વિના જ પૂ.ગુરુદેવના ચરણમાં મૂકી દીધું. પછી સૌ સપ્તાહ સાંભળવા ગયાં.

મોટા બહેનને સપ્તાહ સાંભળવા બેઠાં ત્યાં યાદ આવ્યું કે અરે, પેલું પૈસાનું કવર તો પ્રભુના સ્વરૂપ આગળ ખુલ્લું છે ને ઘરમાં ત્રણ ચાર નોકરો કામ ને સફાઈ કરે છે. કદાચ કોઈ લઈ પણ લે?

આ વિચાર આવતાં તે કથાના સ્થાનથી ઊઠી ઘરે જવા લાગ્યાં. પૂ.માની નજર તેમાના પર પડી પૂ.માએ તેમને ઈશારો કરી બેસાડી દીધાં.

કથામાં વિશ્રામ થતાં, પૂ.માએ મોટાબહેનને પૂછ્યું, 'શું કામ યાદ આવ્યું તે ઊભા થતા હતા? (ત્યારે પૂ.મા બોલતા હતાં).'

બહેને કહ્યું પેલું પૈસાનું કવર પ્રભુના સ્વરૂપ આગળ એમ જ મૂક્યું છે, ને ઘરમાં તો ત્રણ ચાર માણસો કામ કરે છે. કદાચ કોઈ જોઈ લે તો લઈ પણ લે. પછી કોને પૂછાય?

પૂ.માએ કહ્યું, 'અરે, આટલી જ વાતથી તમને ચિંતા થઈ ગઈ! ચાર કલાક પહેલાં એ કવર આપણું ક્યાં હતું? જો આપણા ભાગ્યમાં હશે તો રહેશે નહિ તો કોઈ તે ભલે લઈ જતું! વળી પૂ.શ્રીના સ્વરૂપ આગળ તે મૂક્યું છે. આપણે જો એને જીવંત માનતા હોઈએ તો તેને સાચવવાની તેની જવાબદારી ખરી કે નહીં?'

કેવી પૂ.માની અનાસક્તિ અને પૂ.શ્રીના સ્વરૂપમાં કેવો



જીવંતતાનો ભાવ!

ઘરે ગયાં ત્યારે તે કવર ત્યાં જ હતું. પૂ.માએ હસતાં હસતાં કહ્યું કે જેની આગળ મૂકેલું, તેણે તે બરાબર સાચવ્યું઼ને!

પૂ.મામાં અમે અનાસક્તિનો ગુણ પૂર્ણપણે વિકસેલો જોયો છે. એની વાતો જોઈએ.

રાજકોટમાં એક ભક્તને ઈચ્છા થઈ કે પૂ.માના ચરણમાં હું સોનાની ઝાંઝરી ચઢાવું. એમનો ભાવ સારો પૂ.મા માટે તે લઈ આવ્યા ને પૂ.માને અર્પણ પણ કરી. પૂ.માએ તે જોઈને પ્રસન્ન થયાં, પણ સહજ રીતે તે જ તે ભક્તને પાછી આપી દીધી. વિચારો, આપણે મન તે કેટલી બધી કીંમતી! કોઈ આપે તો રાખી જ લઈએ. પરંતુ પૂ.મા સાવ અનાસક્ત. તેમને મન એમના ગુરુદેવ પ્રભુ જ સૌથી મૂલ્યવાન. બાકી બધું જ ગૌણ. વૈરાગ્યનો પ્રબળ અગ્નિ ન જલતો હોય તો આવી આવી કીંમતી ભેટ પાછી આપવાનું કોઈ વિચારે જ નહીં.

સોનાની બંગડીઓ, હજારો રૂપિયાનાં કવરો, કે કીંમતી ભેટ સોગાદો પૂ.મા સ્વીકારતાં જ નથી. પ્રેમથી પાછાં આપી દે. એટલે જ ગુરુપૂર્ણિમાથી તારીખ ૧૫ ઓગસ્ટ સુધી ટ્રસ્ટ માટે પણ પૂ.મા ભેટ સ્વીકારતાં નથી.

આજના યુગમાં તમને એવા કોઈ સંત જોવા મળે જેમણે ધરેલી ભેટો પાછી લોટાવી હોય! એટલે જ પૂ.માએ બાહ્ય ત્યાગ નથી કર્યો, પરંતુ તેઓનો આંતરિક ત્યાગ ઉત્કૃષ્ઠ કોટીનો છે એટલે જ તેઓ એક પૂર્ણ અનાસક્ત સંત બની શક્યાં છે. પૂ.ગુરુદેવની એમના પર અખંડ કૃપા રહી છે એટલે તેઓ ત્યાગ, તપ અને અનાસક્તિના મૂર્ત સ્વરૂપ સમાં સોહી રહ્યાં છે. હે મા, આપના એ ત્યાગ અને વૈરાગ્યના પરિણામે પાંગરેલ અનાસક્તિના ભાવને અમે પણ પામી જીવનમાં આચરી શકીએ—એવી શક્તિ આપજો—એવી જ પ્રાર્થના.

# બંધ બારણે

મા સર્વેશ્વરી

બંધ બારણે ટકોરા મારે તો
શ્યામ તને સાચો ગણું–
બારણાં ઉઘાડી આવે જો અંદર
બેસે જો મારી પાસે– તો....શ્યામ..
રાહ જોઈને થાકી નથી હું
આવજે જરૂરથી આજે– તો....શ્યામ..
પોકાર મારો સાંભળીને સાચે
દોડી આવે મારી પાસે– તો....શ્યામ..
માવડી બનીને હીંચકે બેસે
ખોળે મુકાવે માથું– તો....શ્યામ..
પાપી જીવને પાવન કરવા
માનવ રૂપે પધારે– તો....શ્યામ..
ધન વૈભવ કે સિદ્ધિ ના માગું
દર્શન આપે પ્રભુ તારું– તો....શ્યામ..

જેને જેને જે વિશેષતા પ્રભુએ આપી છે તેણે તેણે તેનો રોજરોજ ઉપયોગ કરીને પ્રભુના ઋણમાંથી મુક્ત થવું.
—મા



## સાર

શાસ્ત્રોમાં લખાયું છે કે સાચા સાધકોનો પોકાર પ્રભુને પ્રગટાવી શકે છે. પણ વાચનથી એ વાત સાચી મનાય ખરી?

જો સાચે જ મારા ઘરનાં બંધ બારણાંને ઉઘાડીને તે દિવ્યરૂપે મારી પાસે પધારે તો જ એ વાત માની શકાય. મન ત્યારે જ સંપૂર્ણ રીતે સ્વીકારવા તૈયાર થાય.

મૌનમંદિરના એ બંધ ઓરડામાં બેઠા બેઠા એના વિચારો જાગ્યા. શ્યામસુંદર ટકોરા મારીને બારણું ખોલીને અંદર આવે, મારી પાસે બેસે, તો ધન કે વૈભવ કશું જ માગવું નથી. આવી ભાવભરી સૃષ્ટિમાંથી આ પ્રાર્થના લખાય છે.

★ પ્રભુ પર પૂરેપૂરું છોડી દઈએ તો પછી પ્રભુ જ સંભાળી લે. વિશેષ પ્રાર્થનાનીય જરૂર ન પડે.

★ ઘરેથી બહાર નીકળી, પ્રભુનું નામ લઈએ તો આપણા રક્ષણની જવાબદારી એની!

★ આપણાં આયુષ્યમાં જેટલાં વર્ષો પ્રભુમય એ જ જીવન.
—મા

Affirmative prayers release powers by which positive results are accomplished.

હકારાત્મક પ્રાર્થાઓના પરિણામે જે શક્તિઓ પેદા થાય છે તેનાં પરિણામો પણ એટલાં જ હકારાત્મક કે વિધાયક હોય છે.

# પ.પૂ.શ્રી યોગેશ્વરજીનું સાહિત્ય અને સમાજને પ્રદાન

જ્યોત્સ્ના બી. ત્રિવેદી

ગુજરાતમાં સંતો તો ઘણા થયા પણ બહુ જ ઓછા સિદ્ધ કક્ષાના આધ્યાત્મિક ઉંચાઈઓની સાથે સાથે સાહિત્ય જગતમાં તેજસ્વી તારલાની જેમ પ્રકાશિત થનાર કેટલા? આવા વિરલ આત્મદર્શી અને ઈશ્વર દર્શી સંતની પ્રાપ્તિ માટે ગુજરાત સદાય ગૌરવ અનુભવશે અને આત્માનુભૂતિની સાથે સાથે સાહિત્ય જગતની ઉત્કૃષ્ટ સેવા કરવા માટે ગુજરાત સદા શ્રી યોગેશ્વરજીનું ઋણી રહેશે.

શ્રી ભાઈલાલમાંથી ભગવંત થનાર અને સાધકમાંથી સિદ્ધાવસ્થાને પહોંચવા માટે યોગેશ્વરજીએ ૧૯૩૫ થી ૧૯૬૦ સુધી એકધારી ખૂબ આકારી તપશ્ચર્યા કરી. કહો કે હિમાલયે હાડ ગાળી નાખ્યાં અને આત્મસાક્ષાત્કારની તે યાત્રાને પરિપૂર્ણ કરી. બાળપણથી જ સાહિત્યમાં ઉંડો રસ ધરાવનાર આ મહા-પુરુષના જીવનનું વહેણ આધ્યાત્મ માર્ગ તરફ વળ્યું, ત્યારે તેમના જીવનમાં અધ્યાત્મ અને સાહિત્યના બે પ્રવાહ સમાંતર રૂપે ચાલવા માંડ્યા અને સાહિત્યનું સર્જન કેવળ ‘કલા ખાતર કલા’ નહીં, પરંતુ આધ્યાત્મિકતાનું પૂરક રહ્યું. શાસ્ત્રોમાં વર્ણવેલી સર્વ આધ્યાત્મિક શક્તિઓથી તેઓ સંપન્ન બન્યા, અને આ શક્તિઓ માત્ર સ્વાન્તઃ સુખાય નહીં પરંતુ પરજન-હિતાય પણ તેઓએ વાપરી.

### સાહિત્ય સર્જન

ભારતીય સંસ્કૃતિના વાલ્મિકી રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, બ્રહ્મસૂત્ર, ઉપનિષદ, શ્રીમદ્‌ભાગવદ્‌, પાતંજલ-યોગદર્શન, ચંડીપાઠ, શિવમહિમ્નસ્તોત્ર અને વિષ્ણુસહસ્રનામ જેવા ગ્રંથોના સરળ અને સહજ અનુવાદો આપ્યા અને તેમણે લોકભોગ્ય પણ બનાવ્યા. જીવનયાત્રામાં એમણે લગભગ ૯૮ સાહિત્યગ્રંથોનું સર્જન કર્યું અને અનેક સાહિત્યપ્રકારોનું ખેડાણ પણ કર્યું. નવલિકા સંગ્રહ, નવલકથા, આત્મચરિત્ર, જીવન-ચરિત્ર, મહાકાવ્યો અને નિબંધોનું પણ લેખન કર્યું. જીવન-ચરિત્રાત્મક ગ્રંથ, ભગવાન રમણ મહર્ષિને ગુજરાતી સાહિત્ય એકાદમીનું પારિતોષિક પણ મળ્યું, તો આત્મકથા ‘પ્રકાશના પંથે’ સર્વ સર્જનોમાં શિરમોર રહ્યું, જેણે અનેક અધ્યાત્મ માર્ગના યાત્રીઓને પ્રકાશનો પંથ ધર્યો. તેમણે અંગ્રેજી પુસ્તક ‘સર્ચ ઈન સીક્રેટ ઈન્ડિયા’નું પણ ‘‘ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં’’ ભાષાંતર કર્યું. શરૂઆતના દિવસોમાં તીર્થયાત્રાઓ મહદ્‌ અંશે પદયાત્રાઓ રૂપે જ કરી, પણ પછી પૂ.માતાજી સાથે તેઓએ અનેકવાર સમગ્ર ભારતની તીર્થયાત્રા કરી અને કરાવી. શાસ્ત્ર વચનોના સમર્થક પણ ખોટી રૂઢિઓના ભંજક, તેવા સ્વતંત્ર વિચારસરણીવાળા શ્રી યોગેશ્વરજીએ સાધુ સમાજના બાહ્ય ત્યાગી વેશને નોતો સ્વીકાર્યો, પણ મન અંતર તો તે રંગે જ રંગાયેલું હતું. ગાંધીજીની વિચારસરણી અને સિદ્ધાંતો જીવનમાં તેમણે સંપૂર્ણપણે ઉતાર્યા અને તે અનુસાર જીવનનું ઘડતર કર્યું. જીવન સંપૂર્ણ સાદું, સ્વચ્છ, પવિત્ર, આકર્ષક, અપરિગ્રહી અને ગૌરવવંતુ બનાવ્યું.

### વિદેશયાત્રાઓ

ભારતીય સંસ્કૃતિનું મંગલ ગાન ગાનાર શ્રીયોગેશ્વરજીએ પાંચ પાંચ વાર વિદેશયાત્રાઓ કરી, જેમાં મુખ્યત્વે અમેરિકા,

ઇંગ્લેન્ડ, કેનેડા, દક્ષિણ આફ્રિકા જેવા દેશોનો સમાવેશ થાય છે. વિદેશના જિજ્ઞાસુઓને તેઓશ્રીએ ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ્ જેવા ગ્રંથોનું તલસ્પર્શી જ્ઞાન આપ્યું, તો બીજી બાજુ ભારતની પવિત્ર સંસ્કૃતિનું અને ઉચ્ચ આધ્યાત્મિકતાનું દર્શન અને રસપાન કરાવ્યું. ધ્યાનયોગ પ્રત્યક્ષ શીખવ્યો, અને આ સૌમાં વિલક્ષણ અને એક સાચા યોગીને છાજે તેવો અપરિગ્રહ વિદેશમાં પણ આચરી બતાવ્યો.

સાંસારિક ઉપાધિઓથી ઘેરાયેલાં માનવીઓને આધ્યાત્મિક માર્ગદર્શન મળી રહે અને જિજ્ઞાસુઓને સાચું માર્ગદર્શન મળી રહે તે માટે, શ્રીયોગેશ્વરજીએ ૧૦ ધ્યાન સાધના શિબિરોનું આયોજન કર્યું અને તે દ્વારા સાધકોનું સાચું ઘડતર કરવાનો પ્રયત્ન કર્યો.

શિબિરમાં થયેલું ઘડતર વિસરાઇ ના જાય તે માટે મુંબઇ, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, મોરબી જેવાં અનેક સ્થળોએ ધ્યાનકેન્દ્રની સ્થાપના કરી. વિદેશમાં પણ ટોરેન્ટો (કેનેડા),ન્યુજર્સી (યુ.એસ.એ), લોસ એંજલિસ (યુ.એસ.એ) તેમજ ઇંગ્લેન્ડમાં પણ ધ્યાનકેન્દ્ર સ્થાપ્યાં, જે આજે વટવૃક્ષ સમાન થઇ ગયાં છે અને અનેક પ્રવૃત્તિઓથી યોગેશ્વર પરિવારોને પ્રેરણાનું પાન કરાવી રહ્યાં છે.

સંસારીઓને મુખ્યત્વે સતાવતી મુંઝવણ તે મોટેભાગે આર્થિક મુંઝવણ, તે માટે યોગેશ્વરજીએ પ્રવચનમાંથી મળેલી ભેટ અને પુસ્તકો વેચાણમાંથી મળતી રકમ, શિષ્યવૃત્તિ આપીને મા શારદાની સાચા અર્થમાં ઉપાસના કરી. મસૂરીનાં ગરીબવર્ગનાં બાળકો એક સારી, સંસ્કારી શાળામાં ભણી શકે તે માટે ગાંધી નિવાસ સોસાયટી, મહાત્મા ગાંધી યોગેશ્વર માર્ગ પર



સરસ્વતી શિશુ મંદિરની સ્થાપના કરી. જેણે આજે દેશમાં અને વિદેશમાં ગૌરવવંતા વિદ્યાર્થીઓ આપીને સંસ્થાનું નામ ઉજ્જ્વળ કર્યું છે, હાલમાં તેમાં પાંચસો વિદ્યાર્થીઓ ભણે છે. ગુજરાતી ભાષા જાણનાર જનસમાજને નિયમિત પ્રેરણાના પીયૂષ મળતા રહે તે માટે 'અધ્યાત્મ' નામના માસિકની સ્થાપના કરી છે જે આજે ૩૨ વરસથી માત્ર ૨૫ રૂપિયાના વાર્ષિક લવાજમથી ચાલે છે. જેના તંત્રીશ્રી નારાયણભાઇ જાની છે અને આ માસિક ભાવનગરથી પ્રકાશિત થાય છે.

### સામાન્ય જનહિત માટે સર્વમંગલ ટ્રસ્ટ

જનસમાજની રગરગને જાણનાર અને દુઃખ દર્દને વહેંચનાર શ્રી યોગેશ્વરજીએ સામાન્ય જનોનાં હિત માટે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી જે આજે પૂ.મા સર્વેશ્વરીની રાહબરી નીચે સર્વ રોગ નિદાન કેમ્પો, વિના મૂલ્ય અન્નવસ્ત્ર વિતરણ, ભાદરવી પૂનમ જેવાં પર્વે અંબાજીમાં મફત છાશ, પાણી અને દવાનું વિતરણ, જરૂરિયાતમંદોને આર્થિક સહાય જેવા આધુનિક યજ્ઞો ખૂબ સફળતાપૂર્વક કરી રહ્યાં છે. વિદ્યાભ્યાસમાં તેજસ્વી એવાં વિદ્યાર્થીઓ માટે 'યોગ-જ્યોતગૌરવ' નામનો પુરસ્કાર આપેલ જેમાં ગુજરાત રાજ્યના દરેક જિલ્લાઓના ધોરણ ૧૦ મા અને ૧૨ માના દરેક પ્રવાહમાં સર્વોચ્ચ પરિણામ મેળવનારને આ પારિતોષિક તથા આર્થિક પુરસ્કાર ચારેક વર્ષ આપવામાં આવ્યા.

### માતૃભક્ત

આવા સંત સાહિત્યકાર, સમાજ સેવક યોગેશ્વરજી એ માત્ર બાહ્ય જગતના જ સેવક ના હતા પણ જીવતા દેવને સેવનાર સિદ્ધાંતને જીવનમાં પાલન કરનાર પણ હતા. તેઓશ્રીએ

પોતાની માતાને જીવનના છેલ્લા શ્વાસ સુધી કોઈ ગૃહસ્થને પણ શરમાવે તેવી શ્રેષ્ઠ સુશ્રુષા કરી અને માતૃભક્તનું પણ બિરુદ મેળવ્યું. પોતાની માતાનું સદા સંભારણું રહે તે માટે, 'માતાજી જ્યોતિર્મયી તીર્થ' અંબાજીના તીર્થ સ્થળે સંસ્થા સ્થાપવાની ઇચ્છા વ્યક્ત કરી. જે તેઓશ્રીનાં લીલા સંવરણ પછી પૂ.શ્રીમા સર્વેશ્વરીએ શ્રેષ્ઠરૂપે પૂર્ણ કરી.

**પરજનહિતાય**

આ મહાપુરુષના પરજનહિતાય માટે, લેખન અને પ્રવચન બે મુખ્ય પ્રવાહો રહ્યા. તેઓની ઓજસ્વી આત્મદર્શીવાણીએ જન સમાજના વેદ, ઉપનિષદ્, ગીતા, અને શાસ્ત્રમાં વર્ણવેલ અનુભૂતિઓને પોતાના અનુભવોના આધારે રસપાન કરાવ્યું. આવા તપસ્વી, વિદ્વાન, આત્મદર્શી, પવિત્ર, સરળ, સાલસ, સિદ્ધ, મહાપુરુષના જેટલાં ગુણગાન ગાઈએ તેટલા ઓછા પડે. તેમની કલમ જ તેમની વાણી અને તેમનું જીવન, તેમની પ્રવૃત્તિઓ તે જ તેમનો સાચો પરિચય છે. આવા સિદ્ધ સંત સાહિત્યકારનું સ્મરણ જગત જીવશે ત્યાં સુધી રહેશે, અને તેમની તેજસ્વીતા અને પ્રખરતા જગતમાં સદાય તપતાં રહેશે.

જ્ઞાન—ભક્તિ કર્મ અને યોગના સમન્વયકારી આ સંતને જેટલા વંદન કરીએ તેટલા ઓછા પડે, માત્ર હૃદયથી કે માત્ર બુદ્ધિથી પ્રભુ પ્રાપ્તિ ના થાય. આ બન્નેનો વિરલ સંગમ એટલે જ શ્રી યોગેશ્વરજી, જે દરેક પંથને પોતાનામાં સમાવી લે તે શ્રી યોગેશ્વરજી, જીવનમાં સર્વસ્થળે સુદર્શન કરે તે શ્રી યોગેશ્વરજી, પ્રસંશક, સહાયક અને સાચા અર્થમાં ઉદ્ધારક તે યોગેશ્વરજી, અધ્યાત્મ જગે પથ દીપધરી અને પૂર્ણતા સુધી પહોંચાડે તેવા શ્રીયોગેશ્વરજીના શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ.



# An Altogether New Aspect of Maa's life

**–Nima Bhakta**

Jai Krupalu Maa. This was my fist seva camp with Maa Sarveshwari and it was certainly a memorable experience. I was a bit nervous upon entering Ambaji, especially because I didn't know what to expect. I didn't know if I was going to fit in with everyone, how the living situation was going to be or what activities I would have to participate in. However, all my worries went from the moment I stepped foot inside Swargarohan, Maa ensured me that this place was not only her home, but mine as well. I knew she was going to take care of me during my entire visit there. I can probably write pages and pages on everything I saw and learned during my trip, but here are a few of my thoughts.

First, I admired how Maa was always aware of everything that went in and around Swargarohan. She made sure no one was left

behind. Even if you felt that she wasn't aware of your presence, she found some sort of unique way to show you that she actully did know. Upon entering Swargarohan, I wasn't sure if Maa knew that I arrived.

Little did I know what she had in store for me later on in the day. During the first night of satsung,she made all the devotees from America stand up in front of everyone to acknowledge their presence. I stood up and felt so special just to have my five seconds of spotlight. Even when it was time to depart, Maa gave our group such a grand farewell and didn't let us leave empty handed. She gave each of us a bag full of prasad and small gifts. Second, I really enjoyed how Maa appeals to all age groups. For the children, she built a playground just so they can play during their spare time. She showered them with so much candy and junk food that you didn't even have to worry about them getting cavities or getting sick, because it was all PRASAD!

For the elderly, Maa was able to provide them with inner strength–something that we lack as we get older. She convinced all the dadas to



do garba in the prayer room. Although some were hesitant at first, together with tons of energy! Finally, Maa never fails to thank all of the parents for allowing their children to participate in all the activities at Swargarohan.

The main reason why my sister Priyaben and I went to Ambaji is that we wanted to take part in the Satkarma that Maa had organized. It is only when you experience poverty first hand do you realize the actual trauma that exists behind each individual's life. Basic thingh like water and blankets that we often take for granted actually mean a lot more to these people. To them, these items are more like extra lifelines that they couldn't have received anywhere else but Swargarohan. Seeing their smiles and tears of joys showed me how much they appreciate and value our time being there. It's hard to imagine how much time and effort goes on behind the scenes in planning for all of this to happen. Essentially, I think Maa wants everyone to become aware of how there are other people in the world that need assistance more than we do. She doesn't necessarily want us to give up our whole lives to helping those in India. Instead,

we could learn to place a limit on certain things we do and use that to help contribute to the ones that are more in need. I would like to thank my parents for giving me the opportunity to go and stay with Maa. Seeing her at satsung in Los Angeles was completely different than staying with her in Ambaji. I've heard and read many stories about Swargarohan, but physically being there allowed me to witness what actually goes on behind its doors. Last but not least, thank you MAA for making my trip to Swargarohan possible, I was able to come across things that I may have naver got to experience in America. I can return to Swargarohan very soon, and with your blessing, I am certain that I have nothing to worry about.

Jai Krupalu Maa!

–Nima Bhupendra Bhakta(San Diego, CA...Syadla, Gujarat)

ગમે તેવો પાપી કે ગુનેગાર હોય પણ પ્રભુ સામે ઊભો રહી જાય તો પ્રભુ એની દરકાર–કાળજી ને રક્ષા કરે.

**–મા**



# Lessons from Satkarmas

**–Pooja**

Yet another trip to India brings endless smiles, great memories, and newfound lessons. My friends find it hard to believe I can visit the same place for four years in a row, yet come back with something new every time. How is it that we can visit the same Maa for all of our lives, but learn something new, appreciate something differently, and see the world in a new light every time?

How do we live with the same set of eyes, the same mouth, the same brain, and the same hand for all of our lives, but in the presence of Maa, these eyes see new images, this mouth speaks better words, this brain thinks better thoughts, and these hands do better work? I wish I had an answer for all of this, but all I have is Maa. She is the only answer who actually presents herself with an endless number of questions.

The ten days of Satkarma that took place Swargarohan were very much like all the other

Satkarmas we have seen. School children were given school supplies and the elder people were given grain and household items. However, the eye opener this time was one day when Maa wrote on her slate, “See how Satkarma is like decoration for Swargarohan? Look at how beautiful it makes Swargarohan look.” Of course, we all agreed, but it took me arriving back in Ozona to understand the true meaning of Maa’s words.

I was unloading the India bags from the car and taking them up two flights of stairs. After the fourth bag, I was panting and sweating. This immediately reminded me of my first day at Swargarohan this year. The moment we stepped foot into the gates, we began unloading the bags of grain from the truck and setting them up outside of Yogtirth. That day, I must have taken at least 20 bags of grain up two flights of stairs without so much as a loss of breath. Maa was constantly with us and the Bavanis were continuously being sung. In a matter of ten days, I was taking part in a fraction of the work but felt more tired than ever.



It was amazing to see the striking reality of the absence of Maa. Her mere presence gives us the energy to put forth our best, without her, we lose track of who we really are. We must realize that in her absence, we are still her children. Her light is still shining and we are still being guided. This is where I figured out the true meaning of Maa’s statement regarding how Satkarma and Swargarohan go hand in hand. True hand True, they do complement each other quite well, but that does not mean that we cannot implement Satkarma into our everyday lives.

We must learn to make Satkarma beautify anything and everything we wish. Making it part of our everyday lives will only benefit us. Similarly, when we are not in Maa’s presence, we cannot forget to lead our lives in a manner that would glorify her. Our brains, eyes, mouths and hands can be trained to think the same thoughts, see the same things, say the same words, and do the same service as they do when they are in Swargarohan–but only if we let them. The strength of a Guru can overpower the whole world, if only we would let it.

There is tremendous happiness in making others happy. We all witness that every year we spend in Swargarohan. However, when grief is shared, it is still half the sorrow, but when happiness is shared, we double it. I know Maa had showered me with enough love to keep me happy, but I hope she throws some tribulations in my life to keep me strong and faithful. I hope she keeps showing me the underprivileged to keep me human, and the hope and happiness of these same people to give me hope and happiness. I hope she gives me failure to keep me humble, but success to keep me eager. With that eagerness, I hope she throws determination in to make each day better than the day before.

Finally, I know that through all these expricences, she has given me a concrete foundation of friends to share these thought with and to help each other see things in ways we may not be able to see ourselves. We all Maa's children, and we can only hope to lead our lives, both in and out of Swargarohan, in such a manner that would make her happy.



# An Uniqne Spiritual Opportunity

**–Sureshbhai, LA**

Dear Maa,

I really enjoyed my stay at sannidhi parva in Frontenac, Ontario from May 8 to 15, 2010. What a beautiful place! Harmony and silence seem to be prevailing in this location. Beauty in nature, with P Maa's Divine soul, her aura, her energy, moreover, her concentrated energy engaged in performing her sadhana. Her inner nature seems to be dancing in and through her small but very energetic body. The concentrated energy seems to be freely overflowing everywhere around her. If we can just silence our selves enough to feel the contagious inner tunes of P. Maa's being we too will begin to feel her vibrations. Even if one is not completely conscious of their inner nature one can still feel her positive energy. So in such a special environment I had the privilege to stay for seven days under the same roof as P. Maa.

In the past, I have been blessed with opportunities to attend shibirs in P. Maa's presence. And they have their own special place, but my present nature required a little

different atmosphere and I guess that's why she allowed me the opportunity to attend this special parva.

The daily activites were to be selected and done at one's own pace and time. The common activities were morning prayers, lunch, afternoon walks with P. Maa, evening prayers, dinner, and watching the movie of Krishna, the great epic story of the Mahabharta. For me the day began with a little prayer, morning exercise, prayer, lunch then personal time which I engaged in seva if anything was needed to be done, then it would be time to walk with P. Maa. The walks were mainly gauged by people and the weather around P. Maa. The daily walk duration was about an hour. During these walks she would ask shadhaks to share some of their experiences so as to enrich each other's faiths and gain some type of momentum for one's sadhana. Followed by dinner and evening prayers it was fun time to meet Kunsmama with P. Maa amongst us where we could hear. P.Maa brusting out into joy and laughter at the great acting of Kunsmama.

P. Maa seemed so happy during these days.

Engaged in her own niyamas and coming



close to accomplishing her grand task of jaaps of many years, her vibrant, joyful, peaceful but silent, energy seemed to be flowing out in the vicinity. Thus, even though one did not get any personal time with P. Maa, one still did not feel deprived, rather we all felt very content in that environment. Also many negative activities seem to lose their power. They just seem to melt away and dissolve with little or no effort on our behalf.

Such a great environment and atmosphere! A place where one can achieve great fruits by minimal effort. I hope we all can go with an open mind and let P. Maa do her work and let her transparent energy flow into all of us. That silent but concentrated energy has the power to dissolve all question and problems of all sorts. Just by inviting her into our life and letting her become a part of us and allowing that dynamic energy to dissipate into our nature can help us tremendously on our journey.

Thank you Prabhuji, for bringing P. Maa to us. And thank you, P. Maa for allowing me to be part of this parva.

Pranaam

Suresh, LA

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રી યોગેશ્વરજી**

રાધા બોલીઃ

'સુપ્રિયા! તારું ભાગ્ય તો મારા કરતાં પણ ઉત્તમ છે. તારે લીધે તો મને કૃષ્ણનો મેળાપ થયો.'

'મારે લીધે કે તારા ભાગ્યને લીધે?'

'તું એમાં નિમિત્ત તો બની ને?'

'બિલકુલ નહીં. તારા પૂર્વસંસ્કારોએ જ તને કૃષ્ણનો મેળાપ કરાવ્યો છે અને પ્રેમપાત્ર કરી છે. એમાં નિમિત્ત બનવાનો મિથ્યા અહંકાર હું નથી રાખતી.'

ત્રણે ઘર તરફ ચાલ્યાં.

રસ્તામાં રાધાએ કહ્યુંઃ

'કૃષ્ણ, તું તારા જીવનનું ધ્યાન રાખજે. અસુરોનો ઉત્પાત ઘણો વધી ગયો લાગે છે. કંસ તને શત્રુ સમજતો હોય તો તારે ચેતતા રહેવું જોઈએ. એ પરમ પરાક્રમી ને ચતુર છે.'

'મને કશી જ હરકત નથી આવવાની, રાધા!' કૃષ્ણે કહ્યુંઃ 'હું સંપૂર્ણ સલામત છું ને સલામત જ રહેવાનો છું. તું મારી જરા પણ ચિંતા ના કરતી. એનો અર્થ એવો નથી કે તદ્દન નિશ્ચિંત બનીને દૂર રહેજે. મારા પ્રેમનો વિચાર કરીને વહેલી તકે પાછી આવી જજે, નહીં તો મારે સુપ્રિયાને તેડવા મોકલવી પડશે.'

રાધા માત્ર હસી.

**ધેનુકાસુરનો નાશ**

રાધા ગોકુલને છોડીને બરસાના જવાની તૈયારી કરવા માંડી.



એ તૈયારી પૂરી થઈ ને ગોકુલથી પ્રયાણ કરવાનો દિન પાસે આવી પહોંચ્યો ત્યારે તે દિવસે વહેલી સવારે જ એને અવનવા સમાચાર મળ્યા.

એ સમાચાર આપતાં કૃષ્ણે જ કહ્યુંઃ

'હવે આપણે ગોકુલમાં નહીં મળીએ.'

રાધાને કશી સમજ ના પડી. એના મુખ પરનો ઉલ્લાસ ઊડી ગયો. એ અધીર બનીને બોલી ઊઠીઃ

'કેમ? તું ક્યાંય જવાનો છે? કે પછી સુપ્રિયા અહીં નથી રહેવાની? આપણે હવે શા માટે નહીં મળીએ? અને નહીં મળીએ તો મારા જીવનમાં રસ ક્યાંથી રહેશે? એવું જીવન મારાથી કેવી રીતે જીવી શકાશે? તું શું મારો ત્યાગ કરવાનો છે?'

'બિલકુલ નહીં.' કૃષ્ણે કહ્યુંઃ 'તારો ત્યાગ કરવાનો વિચાર પણ મારાથી ના થઈ શકે. તારા વિના મારા જીવનમાં કશો આનંદ જ ના રહે. હું તારો ત્યાગ કરું એવી કલ્પના પણ કરી શકે છે? તારા સિવાય મારા જીવનમાં રસનો લેશ અંશ પણ રહી શકે ખરો?'

'તો પછી તું આવું કેમ કહે છે?'

'તારા પ્રેમની પરીક્ષા કરવા.'

'એ પરીક્ષા શું હજું બાકી છે અને એની આવશ્યકતા છે? હજુ મારા પવિત્ર પ્રેમની ખાતરી તને નથી થઈ?'

'થઈ છે, પરંતુ હું તો એક બીજી જ વાત કહેવા માગું છું. ભારે મહત્ત્વની વાત.'

'કયી વાત?'

'મારો કહેવાનો આશય એટલો જ છે કે હું, સુપ્રિયા અને બીજા બધાં હવે ગોકુલમાં નથી રહેવાનાં. ગોકુલવાસીઓ છેલ્લા કેટલાય વખતથી અહીં થઇ રહેલા ભયંકર ઉત્પાતોને લીધે ગોકુલ ખાલી કરીને વૃંદાવનમાં વસવા જવા વિચારી રહ્યા છે.'

રાધા બોલીઃ

'એ તો ઘણું સારું કહેવાય. ત્યાં અસુરોનો ત્રાસ ઓછો રહેશે. એ ઉપરાંત ત્યાં પાણીની પ્રચુરતા અને વનસ્પતિની વિપુલતા છે. એ પ્રદેશ ખૂબ જ રમણીય છે. મારે સારું તો એ સમાચાર છેક જ સાનુકૂળ કહેવાય કારણ કે મારે વૃંદાવન વાસ માટે આવવાનું જ છે. પરંતુ નંદજીએ તથા યશોદાએ એ વિચારને માન્ય રાખ્યો છે ખરો?'

'એમણે એને ગઇકાલે જ સંમતિ આપી છે અને એ પણ પૂરેપૂરી પ્રસન્નતાથી.'

'બસ ત્યારે એનો અર્થ એવો થયો કે આપણે હવે ગોકુલમાં નહીં પરંતુ વૃંદાવનમાં જ મળીશું, ખરું ને?'

'હા. એમ જ.'

'હવે મને શાંતિ વળી. મારો તો આનંદ જ ઊડી ગયેલો.'

'અને મારો પણ.' સુપ્રિયાએ જણાવ્યું; 'તમે બન્ને નહીં મળી શકો એ કલ્પના પણ મને કંપાવનારી લાગેલી. હવે મને નિરાંત થઇ. તમને બન્નેને એકમેકની પાસે જોઇને મારા અંતરને કેટલો બધો આનંદ થાય છે તે કેવી રીતે કહી બતાવું? એ આનંદ અનુપમ છે. એ રસ અને આનંદ અમર રહે એવું ઇચ્છું છું.'

રાધાને વિદાય આપવા કૃષ્ણ સુપ્રિયા અને ગોપબાલો સાથે વનની વાટે દૂર સુધી સાથે ગયા.



રાધા અને કૃષ્ણને એકમેકથી અલગ થવાનું જરા પણ નહોતું ગમતું. એકમકના સહવાસમાં એમને અનેરો આનંદ આવતો. છતાં છૂટા પડ્યા સિવાય છૂટકો ન હતો.

કૃષ્ણ, સુપ્રિયા તેમજ બીજા ગોપબાલો માર્ગમાં ઊભાં રહ્યાં.

સૌ રાધાના રસમય સ્વરૂપનું પાન કરવા લાગ્યાં.

સૌએ રાધાને ભાવભીની વિદાય આપી.

છૂટા પડતી વખતે રાધાની આંખ ભરાઇ આવી. અનુરાગથી આપ્લાવિત અંતર લાગણીવશ બનીને સંયમ ખોઇ બેઠું.

કૃષ્ણનું હૈયું પણ હાલી ઊઠ્યું, છતાં એમણે સ્વસ્થતાને સાચવી રાખીને શાંતિપૂર્વક કહ્યુંઃ

'સંયોગ અને વિયોગ જીવનમાં તાપ તથા છાયાની પેઠે, રાત અને દિવસની જેમ, આવ્યા કરે છે, રાધા! એ નિસર્ગનો નિયમ છે. સર્જન સારું પરિવર્તનશીલ છે ને એમાં ઉત્પન્ન થનારું બધું જ વિકારવશ. એનો હર્ષશોક ના કરવાનો હોય. હૃદયને મજબૂત રાખ. તારાથી છૂટા પડવાનું મને જરા પણ નથી ગમતું તોપણ ના છૂટકે છૂટા પડવું પડે છે. વહેલી તકે વૃંદાવનમાં પાછી આવી જજે. તારા વિના મને પણ અહીં ગમશે તો નહીં જ. મારી આંખ અત્યારે નથી રડતી પરંતુ પ્રેમની લાગણીને લીધે હૃદય તો રડ્યા જ કરે છે.'

સુપ્રિયા ભીની આંખે રાધાને ભાવથી ભેટી પડી ને બોલીઃ

'પાછી આવવામાં વિલંબ ના કરતી. તારી યાદ મને ખૂબ જ આવ્યા કરશે. તારા વિના મને સૂનું લાગશે.'

**(ક્રમશઃ)**